dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 150 | AD - 2026, Fagan Vad - 05 | Sunday, Dt. 08 -03 -2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### સાઉદી અરેબિયા, યુએઈ અને જોર્ડનમાં કાર્યરત

# અમેરિકાની અત્યાધુનિક 'થાડ' એર ડિફેન્સ સિસ્ટમને નિશાન બનાવતુ ઈરાન

તહેરાન,તા.૦૭

અત્યારે વિશ્વની નજર મધ્ય-પૂર્વના દેશો પર ટકેલી છે કારણ કે અમેરિકા, ઈઝરાયલ અને ઈરાન વચ્ચેના યુદ્ધનો આજે નવમો દિવસ છે. ૨૮ ફેબ્રુઆરીથી શરૂ થયેલો આ સંઘર્ષ હવે અત્યંત વિનાશક વળાંક લઈ રહ્યો છે. છેલ્લા એક અઠવાડિયામાં ઈરાને જે વ્યૂહાત્મક આક્રમકતા બતાવી છે તેણે પશ્ચિમી દેશોની ચિંતામાં વધારો કર્યો છે. ખાસ કરીને સાઉદી અરેબિયા, યુએઈ અને જોર્ડનમાં તહેનાત અમેરિકાની અત્યાધુનિક 'થાડ' (THAAD) એર ડિફેન્સ સિસ્ટમને નિશાન બનાવવામાં આવી છે. જોર્ડનના મુવફ્ફાક સાલ્ટી એર બેઝ પર થયેલા હુમલામાં રડાર સિસ્ટમ નષ્ટ થવાના અહેવાલો લશ્કરી દ્રષ્ટિએ ખૂબ જ મહત્ત્વના છે કારણ કે આ રડાર દુશ્મન દેશની બેલિસ્ટિક મિસાઈલોને શોધી કાઢવાની ક્ષમતા ધરાવે છે. અમેરિકા પાસે આવી મર્યાદિત સિસ્ટમો હોવાથી ૨૨,૦૦૦ કરોડ રૂપિયાનું આ નુકસાન આર્થિક અને લશ્કરી બંને રીતે મોટું માનવામાં આવે છે.

આ ભીષણ યુદ્ધની વચ્ચે એક આશ્ચર્યજનક ઘટનાક્રમ ભારતમાં જોવા મળ્યો છે. ઈરાની યુદ્ધ જહાજ આઈઆરઆઈએસ લાવાન હાલમાં ભારતના કોચી બંદર પર લંગરાયેલું છે. મળતી માહિતી મુજબ આ જહાજ ૨૮ ફેબ્રુઆરીએ ટેકનિકલ ખામીનો ભોગ બન્યું હતું, જેના પગલે ઈરાને ભારત પાસે માનવતાવાદી ધોરણે મદદ માંગી હતી. ભારત સરકારે પરિસ્થિતિની ગંભીરતા જોઈને ૧ માર્ચના રોજ તેને ડોક કરવાની મંજૂરી આપી હતી અને ૪ માર્ચથી તે ભારતીય નૌકાદળની દેખરેખ હેઠળ છે. રસપ્રદ વાત એ છે કે આ જહાજે ફેબ્રુઆરી મહિનામાં ભારતમાં આયોજિત આંતરરાષ્ટ્રીય ફ્લીટ રિવ્યૂ અને મિલાન ૨૦૨૬ નૌકાદળ અભ્યાસમાં સક્રિયપણે ભાગ લીધો હતો. હાલમાં તેના ૧૮૩ ક્રૂ સભ્યો કોચીમાં રોકાયેલા છે, જે ભારતની તટસ્થ અને મદદરૂપ વિદેશ નીતિનું પ્રતિબિંબ



પાડે છે.યુદ્ધના આ માહોલમાં ઈરાનના રાષ્ટ્રપતિએ એક બાજુ શાંતિ અને પડોશી દેશો સાથેના સંબંધો સુધારવાની વાત કરી છે. તેમણે તાજેતરમાં પડોશી દેશો પર થયેલા હુમલાઓ બદલ માફી માંગીને એવી ખાતરી આપી છે કે ઈરાન હવે અન્ય પડોશી રાષ્ટ્રો પર હુમલો કરશે નહીં. જોકે, તેમણે આ સાથે એક શરત પણ મૂકી છે કે જો પડોશી દેશોની ધરતીનો ઉપયોગ ઈરાન વિરુદ્ધ હુમલા કરવા માટે થશે, તો તેનો જડબાતોડ જવાબ આપવામાં આવશે. આ નિવેદનના થોડા સમય બાદ જ કતારની રાજધાની દોહામાં થયેલા વિસ્ફોટોએ અનેક સવાલો ઉભા કર્યા છે. શું આ વિસ્ફોટો કોઈ આકસ્મિક ઘટના છે કે પછી ઈરાન તરફથી મળેલી ચેતવણીનો ભાગ, તે હજુ સ્પષ્ટ થયું નથી, પરંતુ આ ઘટનાએ સમગ્ર ક્ષેત્રમાં ભયનો માહોલ પેદા કર્યો છે.

બીજી તરફ અમેરિકા હવે ઈરાન સામે સીધા અને મોટા હુમલાની તૈયારી કરી રહ્યું હોય તેમ લાગે છે. યુએસ ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસન્ટે સ્પષ્ટ સંકેત આપ્યા છે કે ઈરાનના મિસાઈલ લોન્ચર્સ અને ફેક્ટરીઓને નિશાન બનાવીને તેની સૈન્ય ક્ષમતાને તોડી પાડવામાં આવશે. શુક્રવારે મોડી રાત્રે ઈઝરાયલે તેહરાનના મેહરાબાદ એરપોર્ટ પર જે હવાઈ હુમલા કર્યા તે આ રણનીતિનો જ એક ભાગ હોવાનું મનાય છે. આ ઉપરાંત, અમેરિકાએ ઈઝરાયલ માટે ૧૫૧.૮ મિલિયન ડોલરના શસ્ત્રોની કટોકટી સહાયને મંજૂરી આપી છે. વિદેશ મંત્રી માર્કો રુબિયોના જણાવ્યા અનુસાર, ઈઝરાયલને અત્યારે ૧૨,૦૦૦ જેટલા અત્યાધુનિક બોમ્બ અને લોજિસ્ટિકલ સપોર્ટની તાતી જરૂરિયાત છે જેથી તે ઈરાન સામેના જંગમાં મક્કમ રહી શકે.આ સંઘર્ષમાં હવે રશિયાની એન્ટ્રીએ સ્થિતિ વધુ જટિલ બનાવી દીધી છે. અમેરિકી અધિકારીઓના દાવા મુજબ રશિયા ઈરાનને ગુપ્તચર માહિતી પૂરી પાડી રહ્યું છે. મોસ્કો દ્વારા ઈરાનને અમેરિકી યુદ્ધ જહાજો અને વિમાનોના સચોટ લોકેશન આપવામાં આવી રહ્યા છે, જેના કારણે ઈરાન અમેરિકી ઠેકાણાઓ પર ચોકસાઈપૂર્વક હુમલા કરી શકે છે. જ્યારે અમેરિકા અને ઈઝરાયલે ઈરાનની પોતાની શોધ ક્ષમતાને નબળી પાડી દીધી છે, ત્યારે રશિયાનો આ ટેકો ઈરાન માટે સંજીવની સમાન સાબિત થઈ રહ્યો છે. જોકે રશિયાએ સત્તાવાર રીતે આ અંગે મૌન સેવ્યું છે, પણ ઈરાન સાથેના તેના વધતા સંપર્કો આ વાતની પુષ્ટિ કરે છે. આ યુદ્ધ હવે માત્ર બે દેશો વચ્ચેનું નથી રહ્યું પરંતુ મહાસત્તાઓ વચ્ચેના યુદ્ધમાં ફેરવાઈ ગયું છે.

# સંસદનું બજેટ સત્ર : ઈરાન-ઈઝરાયલ યુધ્ધ અને સ્પીકર વિરુધ્ધ પ્રસ્તાવ મુદ્દે હોબાળાના એંધાણ

નવી દિલ્હી,તા.૦૭

સંસદના બજેટ સત્રનો બીજો તબક્કો આગામી સોમવાર, ૯ માર્ચથી શરૂ થઈ રહ્યો છે, જે અત્યંત તોફાની રહેવાની શક્યતા છે. આ સત્રમાં આંતરિક સંસદીય રાજનીતિની સાથે વૈશ્વિક સંઘર્ષોના પડઘા પણ જોરશોરથી સંભળાશે. વિપક્ષી દળો ખાસ કરીને પશ્ચિમ એશિયામાં ચાલી



રહેલા ઈરાન-ઈઝરાયલ યુદ્ધ અને તેમાં ભારત સરકારના વલણને લઈને આક્રમક તેવર બતાવી રહ્યા છે. કોંગ્રેસ નેતા જયરામ રમેશે સરકાર પર આકરા પ્રહાર કરતા જણાવ્યું છે કે ભારતની વૈશ્વિક સ્થિતિ હાલ નબળી પડી છે. રશિયા પાસેથી તેલની ખરીદી પર અમેરિકાનું દબાણ અને ઈરાની નેતાઓની હત્યાઓ બાદ સર્જાયેલી અસ્થિરતા જેવા મુદ્દાઓ પર વિપક્ષ સરકારને ઘેરવાની તૈયારીમાં છે. બીજી તરફ, લોકસભા સ્પીકર ઓમ બિરલાને હટાવવાના પ્રસ્તાવ પર પણ ચર્ચા થવાની શક્યતા છે, જેને પગલે ગૃહમાં ભારે ગરમાવો જોવા મળી શકે છે. ભાજપે સ્થિતિની ગંભીરતા જોતા ૯ અને ૧૦ માર્ચ માટે પોતાના તમામ સાંસદોને 'વ્હીપ' જારી કરીને ગૃહમાં હાજર રહેવા આદેશ આપ્યો છે. આ બે દિવસો દરમિયાન કેટલાક મહત્વપૂર્ણ કાયદાકીય કામકાજ અને સ્પીકર વિરુદ્ધના પ્રસ્તાવ પર મતદાન જેવી પ્રક્રિયાઓ હાથ ધરાઈ શકે છે.

# રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુની હાજરીમાં અયોધ્યામાં નવ સંવત્સરની ભવ્ય ઉજવણી કરાશે

અયોધ્યા,તા.૦૭

અયોધ્યાની રામનગરીમાં નવ સંવત્સર અને રામોત્સવની ઉજવણીને ઐતિહાસિક બનાવવા માટે તડામાર તૈયારીઓ ચાલી રહી છે. આ ખાસ પ્રસંગે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે. તેઓ રામ મંદિર સંકુલમાં આશરે ચાર કલાક વિતાવશે અને મંદિરના



બીજા માળે 'શ્રી રામ યંત્ર' તેમજ 'શ્રી રામ નામ મંદિર'ની સ્થાપના કરશે.૧૯ માર્ચથી શરૂ થનારી ધાર્મિક વિધિઓ કાશીના પ્રખ્યાત આચાર્ય પંડિત ગણેશ્વર શાસ્ત્રીના માર્ગદર્શન હેઠળ સંપન્ન થશે. આ સમારોહમાં મા અમૃતાનંદમયી, વીરેન્દ્ર હેગડે અને દત્તાત્રેય હોસાબલે જેવા અગ્રણી આધ્યાત્મિક અને સામાજિક નેતાઓ ભાગ લેશે. કાર્યક્રમ માટે અયોધ્યાના ૧,૦૦૦ સ્થાનિકો સહિત કુલ ૫,૦૦૦ પ્રતિષ્ઠિત મહેમાનોને આમંત્રિત કરવામાં આવ્યા છે.તેમણે ૧૦ માર્ચ સુધીમાં સંકુલના તમામ નિર્માણ કાર્યો પૂર્ણ કરવા આદેશ આપ્યો છે. ભક્તો માટે છાંયડો, પાણી અને સરળ દર્શનની વ્યવસ્થા પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. રામોત્સવના નવ દિવસો દરમિયાન સાંસ્કૃતિક કાર્યક્રમો અને ભક્તિ સંગીતથી સમગ્ર અયોધ્યા ગુંજી ઉઠશે.

### મહારાષ્ટ્ર એટીએસ દ્વારા મુંબઈથી અયાન શેખ નામના વિદ્યાર્થીની ધરપકડ કરાઈ

# જૈશ-એ-મોહમ્મદનું ખતરનાક કાવતરું: શાળાઓ અને કોલેજો હવે આતંકીઓના નિશાન પર

મુંબઈ,તા.૦૭

ભારતીય ગુપ્તચર એજન્સીઓએ આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદના એક અત્યંત ગંભીર અને લાંબાગાળાના કાવતરાનો પર્દાફાશ કર્યો છે. આ સંગઠન હવે ભારતના યુવાનોને, ખાસ કરીને શાળા અને કોલેજના વિદ્યાર્થીઓને કટ્ટરપંથી બનાવીને 'લોન વુલ્ફ' આતંકવાદીઓની નવી સેના તૈયાર કરવાની યોજના પર કામ કરી રહ્યું છે.

'વ્હાઈટ કોલર મોડ્યુલ' અને



ફરીદાબાદ કેસ તાજેતરમાં પ્રકાશમાં આવેલા ફરીદાબાદ મોડ્યુલની તપાસમાં ચોંકાવનારી વિગતો બહાર આવી છે. આતંકીઓએ એક તબીબી સંસ્થામાં પણ પોતાની પકડ મજબૂત કરી હતી, જેમાં ડોક્ટરો જેવા શિક્ષિત લોકોનો પણ સમાવેશ હતો. આ મોડ્યુલ પાસેથી આશરે ૨,૫૦૦ કિલો એમોનિયમ નાઈટ્રેટ મળી આવ્યું હતું, જેનો ઉપયોગ દિલ્હી-એનસીઆરમાં મોટા હુમલાઓ માટે કરવાનો હતો. જૈશ હવે મોટા આતંકી જૂથો બનાવવાને બદલે નાના એકમો અથવા વ્યક્તિગત હુમલાખોરો પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. શિક્ષણ સંસ્થાઓમાં ઘૂસણખોરી: વિદ્યાર્થીઓને સોશિયલ મીડિયા અને પ્રચાર સામગ્રી દ્વારા કટ્ટરપંથી બનાવવા.

સુરક્ષા એજન્સીઓની નજરમાં ન આવે તે માટે એકલા અથવા બે વ્યક્તિના જૂથમાં હુમલો કરવો.૧૫-૧૮ વર્ષની ઉંમરે વિદ્યાર્થીઓનું બ્રેઈનવોશ કરવું, જેથી ૨૦-૨૫ વર્ષની ઉંમર સુધીમાં તેઓ આતંકી હુમલા માટે તૈયાર થઈ જાય. આ અઠવાડિયે મહારાષ્ટ્ર એટીએસ (ATS) એ મુંબઈથી અયાન શેખ નામના વિદ્યાર્થીની ધરપકડ કરી છે. અયાન છેલ્લા છ મહિનાથી અનેક યુવાનોના સંપર્કમાં હતો અને બે વિદ્યાર્થીઓને કટ્ટરપંથી બનાવી દેશની બહાર આતંકી તાલીમ માટે મોકલવાની પેરવીમાં હતો. એટીએસની સમયસૂચકતાને કારણે આ મોટું કાવતરું નિષ્ફળ ગયું છે.


# ઉત્તર પ્રદેશમાં ૧૦ એપ્રિલે જાહેર થશે અંતિમ મતદાર યાદી, ૮૪ લાખથી વધુ લોકોએ નવા નામની અરજી કરી

લખનૌ,તા.૦૭

ઉત્તર પ્રદેશમાં ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણી પૂર્વે મતદાર યાદી સુધારણાની પ્રક્રિયા તેજ બની છે. ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર, આગામી ૧૦ એપ્રિલના રોજ રાજ્યની અંતિમ મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવશે. અત્યાર સુધીમાં નામ ઉમેરવા માટે ૮.૪ મિલિયન (૮૪ લાખ) થી વધુ લોકોએ ફોર્મ-૬ ભર્યું છે, જ્યારે નામ દૂર કરવા માટે ૩ લાખથી વધુ અરજીઓ મળી છે.



મુખ્ય ચૂંટણી અધિકારી નવદીપ રિનવાએ જણાવ્યું કે, ડ્રાફ્ટ યાદી પ્રસિદ્ધ થયા બાદ મોટા પાયે દાવા અને વાંધા રજૂ કરવામાં આવ્યા હતા. આ પ્રક્રિયામાં લગભગ ૩.૨૬ કરોડ મતદારોની સુનાવણી ૨૭ માર્ચ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે. ડેટા મુજબ, ૧.૦૪ કરોડ મતદારોના નામ ૨૦૦૩ની યાદી સાથે મેળ ખાતા નથી, જેની તપાસ ચાલી રહી છે. નોંધનીય છે કે, નવા નામ ઉમેરવામાં રાજકીય પક્ષોના એજન્ટો કરતા સામાન્ય જનતાએ વધુ ઉત્સાહ દાખવ્યો છે. ભાજપના બૂથ લેવલ એજન્ટો દ્વારા સૌથી વધુ ૨૬,૨૫૩ ફોર્મ ભરવામાં આવ્યા છે.









સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
02
રવિવાર, તા.૦૮-૦૩-૨૦૨૬

## વિશ્વ મહિલા દિન : બગસરામાં ત્રણ મહિલા અધિકારીઓ વિવિધ જગ્યાઓ પર કાર્યરત

# બગસરામાં મહિલા ડેપો મેનેજર, પીઆઈ, ચીફ ઓફિસર ફરજ નિભાવી રહ્યાં છે

**મયુર પંડયા**

બગસરા,તા.૦૭

આજે વિશ્વ મહિલા દિનની ઉજવણી થવા જઈ રહી છે ત્યારે બગસરામાં પણ ત્રણ મહિલાઓ હાલ વિવિધ હોદ્દાઓ પણ પોતાની ફરજ કાર્યદક્ષ રીતે બજાવી રહી છે. બગસરાના ડેપો મેનેજર નિમિષાબેન ગઢવી, બગસરા પીઆઈ આઈ.જે.ગીડા અને બગસરા નગરપાલિકાના ચીફ ઓફિસર મિત્તલબેન ભાલાળા હાલ પોતાની ફરજ બજાવી રહ્યાં છે તો બગસરાના પ્રથમ નાગરિક તરીકે જયોત્સનાબેન રીબડીયા પણ શહેરના વિકાસમાં પોતાનું યોગદાન આપી રહ્યાં છે. બગસરાના ડેપો મનેજર તરીકે છેલ્લાં ત્રણ વર્ષ કરતા વધારે સમયથી કાર્યરત નિમિષાબેન ગઢવીએ મિકેનિકલ એન્જિનિયર સુધીનો અભ્યાસ કરેલ છે. મુળ સુરેન્દ્રનગરના વતની નિમિષાબેન ગઢવી જણાવે છે કે,મિકેનિકલ એન્જિનિયરનો અભ્યાસ પૂર્ણ કર્યા પછી એસ.ટી.વિભાગની ભરતી બહાર પડ્યા બાદ એસ.ટી.વિભાગમાં ફોર્મ ભરતા પસંદગી થઈ હતી. પ્રથમ પોસ્ટીંગ રાજકોટ ડિવિઝનમાં મળ્યુ હતુ.



ડેપો મેનેજર : નિમિષાબેન ગઢવી



પી.આઈ. : આઈ.જે.ગીડા



ચીફ ઓફિસર : મિતલબેન ભાલાળા



પાલિકા પ્રમુખ : જયોત્સનાબેન રીબડીયા

એસ.ટી.માં ભરતી થયા બાદ સેવા સાથે નોકરી કરી શકાય તેવો અનુભવ થયો. નિમિષાબેન ગઢવી વધુમાં જણાવે છે કે, ૧૫ વર્ષથી હાલ એસ.ટી.માં વિવિધ હોદ્દાઓ પર ફરજ બજાવી છે. જેમાં ત્રણ ડેપોમાં ડેપો મેનેજર તરીકે સેવા બજાવ્યા બાદ હાલ બગસરા એસ.ટી.ડેપો મેનેજર તરીફ ફરજ બજાવું છુ. એસ.ટી.બસના સંચાલનમાં અનેક પડકારો આવ્યા પરંતુ કર્મચારીઓના સાથ સહકારથી તમામ પડકારોને પુરા કર્યા છે. મારી સફળતામાં મારા પરિવાર અને મારા કર્મચારીઓનો ખુબજ સાથ સહકાર મળ્યો છે. જયારે બગસરાના મહિલા પીઆઈ તરીકે આઈ.જે.ગીડા ફરજ બજાવી રહ્યાં છે. મહિલા તરીકે પણ શહેરનો કાયદો વ્યવસ્થા સંભાળી રહેલા આઈ.જે.ગીડાની બગસરા પોલીસ સ્ટેશનમાં બીજી વખત નિમણૂંક કરવામાં આવી છે. ગુનેગારો સામે કડક વલણ દાખવનારા મહિલા પીઆઈ પારિવારિક સમસ્યામાં મધ્યસ્થીની પણ ભુમીકા ભજવે છે. પારિવારિક સમસ્યા પોલીસ સ્ટેશન સુધી ન પહોંચે તે માટે મહિલા પીઆઈ હંમેશા કાર્યરત રહે છે તો બગસરાને નગરપાલિકાના ચીફ ઓફિસર તરીકે યુવા મહિલા અધિકારી મળ્યા છે. મિતલબેન ભાલાળા સાવરકુંડલા તાલુકાના સીમરણ ગામના વતની છે. બી.કોમ સુધી અભ્યાસ કર્યા બાદ જીપીએસસી પાસ કરીને હાલ ધારી અને બગસરાના ચીફ ઓફિસર તરીકે સેવા આપી રહ્યાં છે. શહેરના વિકાસ માટે તેઓ હંમેશા કટિબધ્ધ રહે છે. જયારે બગસરા નગરપાલિકાની પ્રથમવાર ચૂંટણી લડેલા શહેરના પ્રથમ નાગરિકની જેના પર જવાબદારી છે તેવા જયોત્સનાબેન રીબડીયા બગસરા શહેરના વિવિધ પ્રશ્ને હંમેશા જાગૃત રહે છે. રાજકારણમાં પ્રથમવાર પગલા પાડનાર જયોત્સનાબેન રીબડીયા પોતાના શાસનમાં કરોડોની ગ્રાન્ટ લાવી શહેરમાં વિવિધ વિકાસના કામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કર્યુ છે. આમ, બગસરામાં મહત્વના હોદ્દા પર મહિલાઓ કાર્યરત હોવાનું સામે આવ્યુ છે.

## બગસરાના વિકાસમાં પોતાનું યોગદાન આપતા મહિલા પાલિકા પ્રમુખ

---

### અમરેલી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ મનિષ સંઘાણીના માર્ગદર્શન નીચે

# સાવરકુંડલા નાગરિક બેંક ખાતે સહકારી શિક્ષણ તાલીમ વર્ગનું આયોજન

**ઓનલાઈન બેન્કિંગની સુરક્ષા અને ફ્રોડ અટકાવવા અંગે સમજણ અપાઈ**



અમરેલી,તા.૦૭

અમરેલી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ અને યુવા નેતા મનીષ સંઘાણીના કુશળ માર્ગદર્શન હેઠળ સાવરકુંડલા નાગરિક બેંકના કર્મચારીઓ તથા બોર્ડ ઓફ ડાયરેક્ટર્સ માટે એક દિવસીય 'અર્બન ક્રેડિટ કો-ઓપરેટિવ' વિષયક કાર્યશાળા યોજાઈ હતી.

આ પ્રસંગે મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત અમરેલી જિલ્લા મધ્યસ્થ બેંકના જીગ્નેશભાઈ ગોંડલીયાએ સી.ટી.સી., ઓનલાઈન બેન્કિંગની સુરક્ષા અને ફ્રોડ અટકાવવા જેવી બાબતો પર ઊંડાણપૂર્વક સમજ પૂરી પાડી હતી. મનીષ સંઘાણીના વિચાર મુજબ સમય સાથે તાલ મિલાવી બેન્કિંગ કાર્યપદ્ધતિમાં જરૂરી ફેરફાર લાવવા અંગે વિસ્તૃત ચર્ચાઓ કરવામાં આવી હતી. આ શૈક્ષણિક કાર્યક્રમને સફળ બનાવવા માટે જિલ્લા સંઘના એજ્યુકેટિવ ભાર્ગવ ત્રિવેદી, સી.ઈ.ઓ. સાગરભાઈ મહેતા અને જીતુભાઈ ભડોદરિયાએ જહેમત ઉઠાવી હતી.

---

### પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણી અને ઉર્જા મંત્રી કૌશિકભાઈ વેકરિયાની ઉપસ્થિતિમાં

# અમરેલીમાં રૂ. ૬૦ કરોડના પ્રકલ્પોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરાયું






અમરેલી,તા.૦૭

અમરેલી જિલ્લામાં વિકાસની ગતિને વેગ આપવા માટે રાજ્યના કૃષિ મંત્રી અને જિલ્લાના પ્રભારી જીતુભાઈ વાઘાણી તેમજ રાજ્ય મંત્રી કૌશિકભાઈ વેકરિયાના વરદહસ્તે આશરે રૂ. ૬૦ કરોડના વિવિધ વિકાસલક્ષી પ્રકલ્પોના ખાતમુહૂર્ત અને લોકાર્પણના કાર્યક્રમો ભવ્ય રીતે યોજાયા હતા. આ પ્રસંગે અમરેલીની શાન સમાન ઐતિહાસિક ધરોહરના પુનઃઉદ્ધાર માટે વિશેષ જાહેરાત કરવામાં આવી હતી.અમરેલી પંથકમાં એક સમયે ગૌરવશાળી ગાયકવાડી શાસન હતું, જે દરમિયાન શાસકોએ અહીં એક ભવ્ય ક્લોક ટાવરનું નિર્માણ કર્યું હતું. આ ઐતિહાસિક વિરાસતને જાળવી રાખવા માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ''વિરાસતથી વિકાસ''ના વિઝનને અનુસરીને ગુજરાત સરકારના પ્રવાસન વિભાગ દ્વારા રૂ. ૩ કરોડના ખર્ચે રિસ્ટોરેશન પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવ્યો છે. મંત્રીઓ અને સાંસદ ભરતભાઈ સુતરિયાની ઉપસ્થિતિમાં આ પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીએ આ તકે લાગણીસભર સંબોધન કરતા જણાવ્યું કે, ક્લોક ટાવર એ અમરેલીનો 'આત્મા' છે. આપણી સંસ્કૃતિ અને ઐતિહાસિક વારસાને સંરક્ષિત રાખવો એ આપણી સહિયારી જવાબદારી છે. તેમણે રાજ્ય મંત્રી કૌશિકભાઈ વેકરિયા અને તેમની ટીમની કામગીરીને બિરદાવતા કહ્યું કે, તેઓ 'નવું અમરેલી-વિકસિત અમરેલી'ના સુવર્ણ સ્વપ્નને સાકાર કરવા માટે અવિરત મહેનત કરી રહ્યા છે. મંત્રીએ ટાવર રિસ્ટોરેશનની સાથે પ્રવાસીઓ માટે એક યાદગાર 'સેલ્ફી પોઈન્ટ' બનાવવાનું પણ સૂચન કર્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન મહાનુભાવોએ અમરેલીની ધરતીના મહાન સંત મૂળદાસજી મહારાજને પુષ્પાંજલિ અર્પણ કરી હતી અને ગુજરાતના પ્રથમ મુખ્યમંત્રી જીવરાજ મહેતાની પ્રતિમાને હારતોરો કરી વંદન કર્યા હતા. ઊર્જા રાજ્ય મંત્રી કૌશિકભાઈ વેકરિયાએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે અમરેલીના પડતર પ્રશ્નો હવે ટૂંક સમયમાં ભૂતકાળ બની જશે. તેમણે નવી જી.આઈ.ડી.સી, બાયપાસ રોડ અને શુદ્ધ પીવાના પાણી જેવી સુવિધાઓ પૂરી પાડવા માટે સરકારની કટિબદ્ધતા દર્શાવી હતી. આ પ્રસંગે જિલ્લાના વહીવટી અધિકારીઓ, વેપારી મંડળના સભ્યો અને મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

---

# લાઠી વહીવટી તંત્ર દ્વારા ભુરખીયા હનુમાનજી મંદિર ખાતે સેવાસેતુ કાર્યક્રમ



અમરેલી,તા.૦૭

અમરેલી જિલ્લાના લાઠી વહીવટી તંત્ર દ્વારા પવિત્ર યાત્રાધામ ભુરખીયા હનુમાનજી મંદિર ખાતે ભવ્ય સેવાસેતુ કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. રાજ્ય સરકારના નાગરિકલક્ષી અભિગમ મુજબ લોકોના વ્યક્તિગત પ્રશ્નોનો પારદર્શક રીતે નિકાલ લાવવા માટે આ વિશેષ પહેલ કરવામાં આવી હતી. આ કાર્યક્રમનો પ્રારંભ મામલતદાર રાજ્યગુરુ અને સરપંચ રમેશ બારડના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવ્યો હતો.

સરકારનો મુખ્ય હેતુ નાગરિકોને કચેરીઓના બિનજરૂરી ધક્કા અને આર્થિક ખર્ચમાંથી મુક્તિ અપાવી સમયની બચત કરવાનો છે. ૭ માર્ચના રોજ યોજાયેલા આ કાર્યક્રમમાં મામલતદાર અને તાલુકા વિકાસ અધિકારીના માર્ગદર્શન હેઠળ વિવિધ સરકારી વિભાગોના અલગ-અલગ સ્ટોલ ઊભા કરવામાં આવ્યા હતા. આ સ્થળ પર જ આવક-જાતિના દાખલા, રેશનકાર્ડ, આધારકાર્ડ સુધારણા, કૃષિ, પશુપાલન તેમજ વારસાઈ અને જન્મ-મરણના પ્રમાણપત્રો જેવી અગત્યની સેવાઓ પૂરી પાડવામાં આવી હતી.

---

# બગસરા શહેરમાં મેઘાણીની પ્રતિમાને મોરારીબાપૂ દ્વારા પુષ્પાંજલિ અર્પણ કરાઈ

**મેઘાણીજીની પ્રતિમાને પુષ્પાંજલિ કર્યા બાદ મોરારીબાપુએ કથાસ્થળે પ્રસ્થાન કર્યુ**

બગસરા,તા.૦૮



તસવીર : મયુર પંડયા

બગસરામાં મોરારીબાપુ દ્વારા 'મેઘાણી માનસ કથા'નો પ્રારંભ થયો છે. આ કથાના પ્રારંભ પૂર્વે શહેરના શિવાજી ચોકમાં આવેલી મેઘાણીજીની પ્રતિમાને મોરારીબાપુ દ્વારા પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ તકે સાંસદ પરશોતમ રૂપાલા, દિલીપ સંઘાણી, રશ્વિનભાઈ ડોડીઆ, અભેસિંહ રાઠોડ સહિતના મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યાં હતા. મેઘાણીજીની પ્રતિમાને પુષ્પાંજલિ કર્યા બાદ મોરારીબાપુએ કથાસ્થળે પ્રસ્થાન કર્યુ હતુ.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારુતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)





વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ, રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી ૧ા || || શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ||
અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...



YJ યમુના જવેલર્સ
(અમરાપુર વાળા)
અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે, આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે યમુના જવેલર્સ હવે એક ભવ્ય અને નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.
- શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
- નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જવેલરીનો વિશાળ ખજાનો
- પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ
અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.
સ્થળ : દુ.નં. - ૩, પટેલ વાડી શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક, લીલીયા રોડ, અમરેલી.
શ્રી હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૮૧૪૧૨ ૦૭૭૩૬

### લીલીયા તાલુકાના કુલ ૫૦ ગામડાઓના હજારો નાગરિકોને હવે ઘર આંગણે શુદ્ધ પીવાનું પાણી ઉપલબ્ધ થશે

# અમરેલીના વરસડા ખાતે 'ઈશ્વરીયા સુધારણા જૂથ યોજના'નું લોકાર્પણ

અમરેલી,તા.૦૭

અમરેલી જિલ્લાના વરસડા મુકામે વિકાસના એક નવા અધ્યાયનો પ્રારંભ થયો છે. જિલ્લા પ્રભારી અને કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીના વરદ હસ્તે અંદાજે રૂ. ૪૨ કરોડના ખર્ચે સાકાર થયેલી 'ઈશ્વરીયા સુધારણા જૂથ પાણી પુરવઠા' યોજનાનું ભવ્ય લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઊર્જા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયા અને સાંસદ સભ્ય ભરતભાઈ સુતરિયાની ઉપસ્થિતિ રહી હતી. આ યોજના અંતર્ગત અત્યાધુનિક આર.સી.સી સંપ, વોટર ફિલ્ટર પ્લાન્ટ અને પંપ હાઉસ જેવી સુવિધાઓ કાર્યરત કરવામાં આવી છે. જેના સીધા પરિણામ સ્વરૂપે અમરેલી, લાઠી અને લીલીયા તાલુકાના કુલ ૫૦ ગામડાઓના હજારો નાગરિકોને હવે ઘર આંગણે શુદ્ધ પીવાનું પાણી ઉપલબ્ધ થશે. આ સાથે જ વરસડા સ્થિત હયાત તળાવના રૂ. ૧૯ લાખના ખર્ચે થનારા રિનોવેશન કાર્યનું



ખાતમુહૂર્ત પણ મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન સંબોધન કરતા મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં રાજ્ય સરકાર 'પાણીદાર' વિકાસના સંકલ્પ સાથે આગળ વધી રહી છે. એક સમયે ગ્રામીણ વિસ્તારોમાં પાણીની જે વિકરાળ સમસ્યા હતી, તે હવે ભૂતકાળ બની રહી છે અને છેવાડાના માનવી સુધી શુદ્ધ જળ પહોંચાડવામાં સરકાર સફળ રહી છે. રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ પણ 'જલ જીવન મિશન'ની સફળતા પર ભાર મૂકતા જણાવ્યું હતું કે નર્મદાના નીર હવે દરેક ઘર સુધી પહોંચી રહ્યા છે. આ કાર્યક્રમની સાથે વરસડામાં તાલુકા સેવા સેતુનું પણ આયોજન કરાયું હતું, જેમાં જિલ્લા કલેકટર શ્રી વિકલ્પ ભારદ્વાજ અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી પરિમલ પંડ્યા સહિતના ઉચ્ચ અધિકારીઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા.

### કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીના હસ્તે પાણી પુરવઠા યોજના અને તળાવના રિનોવેશનનું ખાતમુહૂર્ત સંપન્ન

# બગસરા ખાતે રામનવમી પર્વને લઈ હિન્દુ સંગઠનોની બેઠક મળી

**સમગ્ર શહેરમાં ભક્તિમય માહોલ સર્જાય તે માટે તડામાર તૈયારીઓ કરવા આહ્વાન**

બગસરા,તા.૦૭

બગસરાના પવિત્ર યાત્રાધામ આપાગીગાની જગ્યા ખાતે આગામી રામનવમીના પર્વને અભૂતપૂર્વ રીતે ઉજવવા માટે એક વિશેષ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ



બેઠકમાં વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પદાધિકારીઓ સહિત હિન્દુ સમાજના ભાઈઓ વિશાળ સંખ્યામાં ઉમટી પડ્યા હતા. આગેવાનોની હાજરીમાં આગામી ૨૬ માર્ચ, ૨૦૨૬ના રોજ રામનવમીની ધામધૂમથી ઉજવણી કરવાનું સર્વાનુમતે નક્કી થયું હતું. વિશ્વ હિન્દુ પરિષદના પ્રમુખ વિકાસભાઈએ આ મહોત્સવના સુચારુ આયોજન અને વિવિધ કાર્યક્રમોની સવિસ્તાર માહિતી પૂરી પાડી હતી. સમગ્ર શહેરમાં ભક્તિમય માહોલ સર્જાય તે માટે તમામ સંગઠનોએ એકજૂથ થઈને તૈયારીઓ શરૂ કરી દીધી છે.

# સાવરકુંડલા-લીલીયા વિસ્તારમાં ધારાસભ્ય દ્વારા રૂ. ૫.૨૯ કરોડના વિકાસ કામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ

સાવરકુંડલા,તા.૦૭

સાવરકુંડલા- લીલીયા વિધાનસભાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા દ્વારા સાવરકુંડલા-લીલીયા તાલુકાના ગામોમાં કુલ ૫.૨૯ કરોડના વિકાસ કાર્યોનું ખાતમુહુર્ત અને લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત શુક્રવારે સાવરકુંડલા તાલુકાના બાઢડા ગામે નવી ગ્રામપંચાયત ભવન રૂ ૩૪.૮૩ લાખના ખર્ચે બનશે જેનું ખાતમુહુર્ત કરવામાં આવ્યું હતું. મેરીયાણા ગામે નવી પ્રાથમિક શાળાનું લોકાર્પણ ૯૨.૭૦ લાખ અને મેરીયાણા-ભંમર



રોડનું રી સરફેસિંગનું કામ ૧.૮૦ કરોડ તેમજ મેરીયાણા ગામે સીસી રોડના કામનું ખાતમુર્હુત ૫૦ લાખ કરવામાં આવ્યું હતું. લીલીયા તાલુકાના ગોઢાવદર ગામે રૂ ૪૫ લાખના ખર્ચે બનેલી નવી પ્રાથમિક શાળાનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. નાના લીલીયામાં રૂ. ૧.૧૮ કરોડ ખર્ચે બનેલી નવી પ્રાથમિક શાળાનું લોકાર્પણ અને નવા બસ સ્ટેન્ડનું ખાતમુહર્ત કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત જુદા જુદા વિસ્તારમાં બ્લોક રોડ ૩.૫૦ લાખના કામનું ખાતમુર્હુત કરવામાં આવ્યું હતું.

# ગજેરા કેમ્પસ-વિદ્યાસભા સ્કૂલના વિદ્યાર્થીઓનો સ્કેટીંગમાં દબદબો: સૌરાષ્ટ્ર ઝોન સ્પર્ધામાં મેડલ્સની વણઝાર

અમરેલી,તા.૦૭

રાજકોટ મુકામે ૧૨મી ઓપન સૌરાષ્ટ્ર ઝોન સ્પીડ સ્કેટીંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં સૌરાષ્ટ્રની અલગ-અલગ શ્રેષ્ઠ શાળાઓના સ્કેટીંગ સ્પર્ધકોએ ભાગ લીધો હતો, જેમાં અમરેલીના શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ વિદ્યાસભા સ્કૂલના ખેલાડીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. આ સ્પર્ધામાં સ્પીડ ઈન લાઈન સ્કેટીંગમાં સતત શ્રેષ્ઠ પ્રદર્શન કરી વિદ્યાર્થીઓએ વિવિધ પદકો જીતીને સૌરાષ્ટ્ર ઝોન કક્ષાએ સંસ્થાની આગવી ઓળખ ઊભી કરી છે.



સ્પર્ધામાં વિજેતા થયેલા ખેલાડીઓની યાદી જોઈએ તો, રામાનુજ દર્શિલે લોંગ રેસમાં રજત પદક પ્રાપ્ત કર્યો છે. ધડુક રાજીવીએ લોંગ રેસ, શોર્ટ રેસ અને નોન-સ્ટોપ રેસમાં કાંસ્ય પદક મેળવ્યા છે. બુટાણી વેદાંતે નોન-સ્ટોપ રેસમાં કાંસ્ય પદક, સાઉ કૃતાર્થે લોંગ રેસ અને નોન-સ્ટોપ રેસમાં કાંસ્ય પદક, જ્યારે પ્રજાપતિ મોહિતે લોંગ રેસ, શોર્ટ રેસ અને નોન-સ્ટોપ રેસમાં કાંસ્ય પદક હાંસલ કર્યા છે. આ ઉપરાંત પીલુકીયા જેનીએ પણ નોન-સ્ટોપ રેસમાં કાંસ્ય પદક મેળવી અમરેલી જિલ્લાનું ગૌરવ વધાર્યું છે. વિદ્યાર્થીઓની આ ઝળહળતી સિદ્ધિ બદલ સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મેનેજીંગ ટ્રસ્ટી અશોકભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, મનસુખભાઈ ધાનાણી તેમજ કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ તમામ ખેલાડીઓ સહિત કોચ શુભમભાઈ રાઠોડ અને ટ્રેનર વિવેકભાઈ ગોસ્વામીને અભિનંદન પાઠવ્યા હતા. સંસ્થામાં તજજ્ઞો દ્વારા અપાતા શિક્ષણ અને રમત-ગમત ક્ષેત્રે કોચ દ્વારા મળતા સતત પ્રશિક્ષણને કારણે આ સફળતા પ્રાપ્ત થઈ હોવાનું વિદ્યાસભાની યાદીમાં જણાવાયું છે.

# લાઠીના રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના સભ્યોની પ્રાંત સહિતના અધિકારીઓ સાથે વિવિધ મુદ્દે ચર્ચા

લાઠી,તા.૦૭

લાઠીની રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘની નવનિર્મિત ટીમ દ્વારા પ્રાંત અધિકારી બ્રહ્મભટ્ટ, મામલતદાર રાજ્યગુરુ, તાલુકા વિકાસ અધિકારી માંજરિયા, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી ગૌરાંગભાઈ જોષી, બી.આર.સી.કો.ઓર્ડીનેટર પિયુષભાઈ વીરડિયાની શુભેચ્છા મુલાકાત કરવામાં આવી હતી.

જેમાં રાષ્ટ્રીય શૈક્ષિક



મહાસંઘ જીલ્લા અધ્યક્ષ વિજયભાઈ મકવાણા, સંગઠન મંત્રી કલ્પેશભાઈ સાબવા, તાલુકા અધ્યક્ષ અલ્પેશભાઈ કાકડીયા, તાલુકા મહામંત્રી મહેશભાઈ ચૌહાણ, સંગઠન મંત્રી આશિષભાઈ જાની, કોષાધ્યક્ષ રજનીભાઈ બઢિયા, સહ સંગઠન મંત્રી ચેતનભાઈ સોલંકી, પ્રચારમંત્રી ઘનશ્યામભાઈ સોળીયા, સહ પ્રચારમંત્રી કિર્તીભાઈ ગોંડલિયા, સહમંત્રી આદિત્યભાઈ ત્રિવેદી, સહ પ્રચારમંત્રી રિતેશભાઈ વસાણી હાજર રહ્યા હતા.

તેમણે આ અધિકારીઓ સાથે શિક્ષકોના અનિયમિત પગાર, બી.એલ.ઓ.ને પડતી મુશ્કેલી, વળતર રજા -પ્રાપ્ત રજા, જી.પી.એફ.ખાતા ખોલવા નામની વિસંગતતા તથા અન્ય બાબતે ચર્ચા કરી હતી. આગામી સમયમાં આવનારી ચૂંટણી અને વસ્તી ગણતરીમાં ગુરુજનોને કોઈ અગવડતા ન પડે તે તમામ બાબતની પ્રાંત અધિકારી સાથે ઊંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી. અધિકારીઓએ આ તમામ બાબતોને ધ્યાન પૂર્વક સાંભળી યોગ્ય કાર્યવાહી કરવાની ખાત્રી આપી હતી.

## ચલાલામાં મહિલાએ અનાજમાં નાંખવાના ઝેરી ટિકડા પીધા

ચલાલા, તા.૦૭

ચલાલામાં રહેતી એક મહિલાએ અનાજમાં નાંખવાની ઝેરી ટિકડા પીતા સારવારમાં મોત થયું હતું. આ અંગે સાટોડીપરામાં રહેતા કિરણભાઈ કેશુભાઈ વાળા (ઉ.વ.૩૭) એ જાહેર કર્યા મુજબ, હંસાબેન કેશુભાઈ વાળા (ઉ.વ.૫૮)એ કોઈ અગમ્ય કારણસર અનાજમાં નાખવાના ઝેરી દવાના ટીકડા પી જતા સારવાર દરમ્યાન મરણ પામ્યા હતા.

## અમરેલીના નવા ગીરીયા ગામે પુરુષે ધરો બાળવાની ઝેરી દવા પીધી

અમરેલી, તા.૦૭

અમરેલીના નવા ગીરીયા ગામે યુવકે ધરો બાળવાની ઝેરી દવા પીતા મોત થયું હતું. બનાવ અંગે વિજયભાઈ ધીરુભાઈ ડાભી (ઉ.વ.૪૦) એ જાહેર કર્યા મુજબ, ધીરૂભાઈ ભીખાભાઈ ડાભીએ પોતાની વાડીએ કોઈ અગમ્ય કારણોસર ધરો બાળવાની ઝેરી દવા પીધી હતી. જેના કારણે તેમનું મોત થયું હતું. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ જે આર ધાધલ વધુ તપાસ કરી રહ્યા છે.













**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં //-**

નં.જન્મ-મરણ કેસ નં.96/2026

**પ્રતિ,**

હાલાઈ ફરિદાબેન મહમદ ઉમરભાઈ ડો/ઓ. ગનીભાઈ,
રહે.વિરાટનગર, વેરાવળ રોડ, કોડીનાર, ગામ-કોડીનાર, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ .....**અરજદાર**

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત અરણેજ,
તા.કોડીનાર, જિ.ગીરસોમનાથ ...**સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના કોડીનાર ગામના રહીશ ગનીભાઈ શકુરભાઈ ભાગાણી તથા ઝુબેદાબેન ગનીભાઈ ભાગાણીના પુત્ર રફીકભાઈગનીભાઈ ભાગાણીનો જન્મ તારીખ **01/06/1971** ના રોજ કોડીનાર તાલુકાના અરણેજ ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત અરણેજ, તાલુકો-કોડીનાર સને.**1971** ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૨/૦૩/૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૩/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી,**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

**-:: જાહેર નોટીસ ::-**

**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.**14/2026**
મરણ તારીખ : **11/10/1984**

શ્રી અમરસીંહ હમીરભાઈ કાતીરા,
રહે.અડવી, ગામ-અડવી, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી જે.જી.સોસા, કોડીનાર ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, અડવી, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે મરણની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી અમરસીંહ હમીરભાઈ કાતીરા, રહે.અડવી, ગામ-અડવી તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ તેમના માતા સ્વ.હીરૂબેન હમીરભાઈ કાતીરાનું મરણ તારીખ.**11/10/1984**ના રોજ કોડીનાર તાલુકાના અડવી ગામ મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૩ માહેઃ ફેબ્રુઆરી સને૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

**હુકમથી**
**સહી**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

# અમરેલી શહેરમાં વિવિધ વિકાસકામોનું ખાતમુહૂર્ત કરાયુ

અમરેલી,તા.૦૭

અમરેલી નગરપાલિકા દ્વારા આયોજિત અને સરકાર પ્રેરિત વિવિધ જનહિતલક્ષી યોજનાઓ અંતર્ગત 'ત્રિવિધ' વિકાસલક્ષી પ્રોજેક્ટના ખાતમુહૂર્તનો ભવ્ય કાર્યક્રમ તાજેતરમાં સંપન્ન થયો હતો. આ પ્રસંગે જિલ્લા પ્રભારી અને કૃષિમંત્રી જીતુભાઈ વાઘાણી તથા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાની વિશેષ ઉપસ્થિતિ રહી હતી, જેમણે શહેરના વિકાસને નવી ગતિ આપવા માટેના આ પ્રકલ્પોની શરૂઆત કરાવી હતી. આ તકે સાંસદ ભરતભાઈ સુતરિયા પણ ઉપસ્થિત રહીને શહેરના આધુનિકીકરણના પ્રયાસોને બિરદાવ્યા હતા. કાર્યક્રમ દરમિયાન સંબોધન કરતા કૃષિમંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, અમરેલી જિલ્લામાં સર્વાંગી વિકાસની લહેર જોવા મળી રહી છે. રોડ-રસ્તા, શાળાઓના નવનિર્મિત બિલ્ડિંગો, આંગણવાડીઓ અને 'સૌની યોજના' જેવા મહત્વકાંક્ષી






પ્રકલ્પોની કામગીરી અત્યારે તેજ ગતિએ આગળ ધપી રહી છે. તેમણે રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયા અને તેમની ટીમની સક્રિયતાના વખાણ કરતા ઉમેર્યું હતું કે, એક ઊર્જાવાન યુવા નેતૃત્વ હેઠળ જિલ્લાની ભૌગોલિક અને માળખાગત તસવીર બદલવા માટે આખી ટીમ સંકલ્પબદ્ધ છે. મંત્રીએ વિકાસલક્ષી અભિગમ બદલ સમગ્ર વહીવટી તંત્રને અભિનંદન પાઠવ્યા હતા. આ 'ત્રિવિધ' વિકાસ પ્રકલ્પોની વિગતો આપતા જણાવવામાં આવ્યું કે, અંદાજે રૂ. ૨.૬૭ કરોડના ખર્ચે સરદાર સર્કલથી સ્વામિનારાયણ મંદિર સુધીનો રોડ, શહેરના મુખ્ય પ્રવેશદ્વારો પર રજવાડી શૈલીના ગેટ અને સર્કલ ડેવલપમેન્ટ જેવી કામગીરી હાથ ધરવામાં આવશે. આ પ્રોજેક્ટ્સ પૂર્ણ થવાથી અમરેલી શહેરની સુંદરતા અને ભવ્યતામાં નોંધપાત્ર વધારો થશે, જે પ્રવાસીઓ અને સ્થાનિક નગરજનો માટે આકર્ષણનું કેન્દ્ર બનશે. ઊર્જા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ પોતાના પ્રાસંગિક ઉદબોધનમાં 'નવું અમરેલી-વિકસિત અમરેલી'ના સંકલ્પને દોહરાવ્યો હતો. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે અમરેલીમાં વર્ષોથી સતાવતી પીવાના પાણીની સમસ્યા હવે ભૂતકાળ બની જાય તે દિશામાં સરકાર મક્કમતાથી આગળ વધી રહી છે. રાજ્ય સરકાર દ્વારા અમરેલીના વિકાસ માટે ઉદાર હાથે ગ્રાન્ટ ફાળવવા બદલ તેમણે આભાર વ્યક્ત કર્યો હતો. આ કાર્યક્રમમાં સ્વામિનારાયણ મંદિરના સંતો, નગરપાલિકા પ્રમુખ બિપીનભાઈ લીંબાણી, કલેક્ટર વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા વિકાસ અધિકારી અને પોલીસ વડા સહિતના ઉચ્ચ અધિકારીઓ તેમજ બહોળી સંખ્યામાં અમરેલીના નગરજનો ઉત્સાહપૂર્વક જોડાયા હતા.

# રાજુલાના બર્બટાણા ગામે માતાએ ટીવી જોવાની ના પાડતા પુત્રીએ ગળેફાંસો ખાધો

રાજુલા, તા.૦૭

રાજુલા તાલુકાના બર્બટાણા ગામે એક અત્યંત કરુણ ઘટના સામે આવી હતી. માતાએ ટીવી જોવા જેવી સામાન્ય બાબતે ઠપકો આપતા, પુત્રીને મનમાં લાગી આવ્યું હતું અને તેણે ગળેફાંસો ખાઈને પોતાનું જીવન ટૂંકાવી લીધું હતું. આ અંગે શિવાભાઈ મનુભાઈ પરમાર (ઉ.વ.૪૦) એ જાહેર કર્યા મુજબ, તેમની પુત્રી દયાબેન શીવાભાઈ પરમાર (ઉ.વ.૧૭) વધુ પડતું ટીવી જોતી હતી. આ બાબતે તેની માતાએ તેને ટોકી હતી અને વધુ સમય ટીવી જોવાની ના પાડી હતી. માતાના આ સામાન્ય ઠપકાથી પુત્રીને અત્યંત માઠું લાગી આવ્યું હતું. આ મામલે આવેશમાં આવી જઈને પુત્રીએ ઘરના રૂમમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ લીધો હતો. પરિવારજનોને આ બાબતની જાણ થતા તાત્કાલિક સારવાર માટે ખસેડવાના પ્રયાસો કર્યા હતા, પરંતુ કમનસીબે તેનું મૃત્યુ નિપજ્યું હતું. આ ઘટનાને પગલે સમગ્ર બર્બટાણા ગામમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. રાજુલા પોલીસ સ્ટેશનના એએસઆઈ વિજુભાઈ કુંભાભાઈ ગોહિલ વધુ તપાસ કરી રહ્યા છે. બગસરા વાડી વિસ્તારમાં એક સગીરાએ ઝેરી દવા પી લેતાં સારવારમાં ખસેડવામાં આવી હતી.

# ડુંગર રેલવે ફાટક પાસે સ્ટંટબાજી ભારે પડી: પૂરઝડપે બાઈક દોડાવતા શખ્સ સામે પોલીસની લાલ આંખ

ડુંગર, તા.૦૭

રાજુલાના ડુંગર રેલવે ફાટક પાસે સ્ટંટબાજી ભારે પડી હતી. પૂરઝડપે બાઈક દોડાવતા શખ્સ સામે પોલીસે લાલ આંખ કરી હતી. ડુંગર રેલવે ફાટક પાસેથી પસાર થતા મહુવાના કણકોટ ગામના જેમુભાઈ ભુપતભાઈ ચાવડા (ઉ.વ ૩૦)એ પોતાના હવાલાની મોટરસાયકલ અત્યંત પૂરઝડપે હંકારી હતી. આ ચાલકે ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરી, અન્ય વાહનચાલકો અને રસ્તે ચાલતા રાહદારીઓના જીવ જોખમમાં મુકાય તે રીતે બેફિકરાઈથી વાહન ચલાવતા પોલીસના હાથે ઝડપાઈ ગયો હતો. પોલીસે આ મામલે માનવ જિંદગીને જોખમમાં મૂકવા બદલ સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધી મોટરસાયકલ કબજે કરી છે અને આગળની તપાસ હાથ ધરી હતી. ચલાલા બસ સ્ટેન્ડ પાસેથી એક યુવક કેફી પીણું પીને વાહન ચલાવતાં મળી આવ્યો હતો.

# અમરેલીમાં રસ્તા વચ્ચે વાહન ઊભું રાખી અડચણ ઊભી કરતા ચાલક વિરૂધ્ધ કાર્યવાહી

**પોલીસની કડક કાર્યવાહીથી આડેધડ વાહન પાર્કિંગ કરનારાઓમાં ફફડાટ**

અમરેલી, તા.૦૭

અમરેલી શહેરમાં ટ્રાફિકની સમસ્યા નિવારવા અને માર્ગ સુરક્ષા જાળવવા માટે પોલીસ દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે.

આ દરમિયાન જાહેર રોડ પર ટ્રાફિકને અડચણરૂપ વાહન ઊભું રાખવા બદલ વાહન ચાલકો સામે ગુનો નોંધવામાં આવ્યો હતો. બે વાહન ચાલકોએ ટ્રાફિકના નિયમોને નેવે મૂકીને રસ્તા પર અન્ય વાહનચાલકો અને રાહદારીઓને ભારે અડચણ થાય તે રીતે તેનું વાહન ઉભું રાખ્યું હતું. ટ્રાફિક પ્રવાહ અવરોધતા આ વાહનને કારણે રોડ પર જામ જેવી સ્થિતિ સર્જાઈ હતી. આ બાબત પોલીસના ધ્યાને આવતા, જાહેર માર્ગ પર અવરોધ ઊભો કરવા બદલ સંબંધિત કલમો હેઠળ વાહન ચાલક વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

પોલીસ દ્વારા વાહન ચાલકોને તેઓ પોતાના વાહનો નિયત પાર્કિંગમાં જ રાખે અને જાહેર જનતાને હાલાકી ન પડે તેનું ધ્યાન રાખે તેવી અપીલ કરવામાં આવી હતી.

# જિલ્લા ભાજપ ઉપપ્રમુખ 'ગીતાબેન કારીયા'નું રઘુવીર સેના દ્વારા સન્માન

અમરેલી,તા.૦૭

અમરેલી જિલ્લામાં રઘુવંશી સમાજના સર્વાંગી વિકાસ માટે આરોગ્ય, શિક્ષણ, સુરક્ષા રોજગારી, સહિત વિવિધ સેવાકિય પ્રવૃત્તિઓ દ્વારા સમાજહિતના કાર્યો કરતી અમરેલી રઘુવીર સેના દ્વારા તાજેતરમાં સન્માન સમારોહ યોજાયો હતો. આ તકે અમરેલી જિલ્લા ભારતીય


તસવીર : દિપ કેરીયા

જનતા પાર્ટીના ઉપપ્રમુખ તરીકે જવાબદારી પ્રાપ્ત કરનાર ચલાલા રઘુવંશી સમાજના મહિલા અગ્રણી અને ચલાલા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ ગીતાબેન પ્રકાશભાઈ કારીયાને અમરેલી રઘુવીર સેના દ્વારા શાલ ઓઢાડી અને પુષ્પગુચ્છ અર્પણ કરી વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અમરેલી ડિસ્ટ્રિક્ટ ચેમ્બર ઓફ કોમર્સના મંત્રી, અમરેલી જિલ્લા રઘુવીર સેનાના ઉપપ્રમુખ, વરિષ્ઠ પત્રકાર તેમજ શહેર ભાજપના વરિષ્ઠ આગેવાન પ્રકાશભાઈ કારીયાનાં પત્ની ગીતાબેનને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

# બગસરાના વેપારીનો મોબાઈલ હેક કરી રૂ. ૧.૧૦ લાખની ઓનલાઈન ઠગાઈ

બગસરા, તા.૦૭

બગસરા શહેરમાં ઓનલાઈન ઠગાઈનો એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો, જેમાં એક અજાણ્યા શખ્સે વેપારીનો મોબાઈલ ફોન હેક કરી તેમના બેંક ખાતામાંથી રૂ. ૧,૧૦,૦૦૦ની રકમ ટ્રાન્સફર કરી ઠગાઈ આચરી હતી. બનાવ અંગે વેપારી પ્રવિણભાઈ કાનજીભાઈ ઠુમ્મર (ઉ.વ.૫૧ )એ ઉજ્જવલ મહાતો તથા એક મોબાઈલ ધારક સામે ફરિયાદ નોંધાવી હતી. મળતી વિગત પ્રમાણે, બગસરાના વેપારીને ગત તારીખ ૦૮/૦૧/૨૦૨૬ના રોજ બપોરે ચાર વાગ્યાના અરસામાં તેમના મોબાઈલ નંબર પર એક અજાણ્યા નંબર પરથી વોટ્સએપ મેસેજ મળ્યો હતો. આ મેસેજમાં RTOનો સત્તાવાર લોગો ધરાવતી એક એપ્લિકેશન ફાઈલ મોકલવામાં આવી હતી. વેપારીએ જેવી આ ફાઈલ પર ક્લિક કર્યું કે તરત જ તેમનો મોબાઈલ ફોન હેક થઈ ગયો હતો. ભેજાબાજ શખ્સે વેપારીના મોબાઈલ પર કોલ ફોરર્વડિંગની સુવિધા સક્રિય કરી દીધી હતી. જેના કારણે બેંક વ્યવહાર માટે આવતા OTP કે અન્ય કોલ્સ સીધા આરોપીના ફોન પર જવા લાગ્યા હતા. આ પદ્ધતિનો ઉપયોગ કરી, આરોપીએ વેપારીના બેંક ખાતામાંથી તારીખ ૦૯/૦૧/૨૦૨૬ના રોજ કુલ રૂ. ૧,૧૦,૦૦૦ ની રકમ પોતાના કેનેરા બેંકના ખાતામાં ટ્રાન્સફર કરી લીધી હતી. તપાસ દરમિયાન જાણવા મળ્યું છે કે આ રકમ ઉજ્જવલ મહાતો નામના વ્યક્તિના કેનેરા બેંક ખાતામાં જમા થઈ છે. હાલમાં આ મામલે વેપારીએ પોલીસ ફરિયાદ નોંધાવતા સાઈબર ક્રાઈમ વિભાગે વધુ તપાસ હાથ ધરી હતી. બગસરા પોલીસ સ્ટેશનના પીઆઈ આઈ.જે.ગીડા વધુ તપાસ કરી રહ્યા છે.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

**રાજકોટ**

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૩૬૦ | ૧૬૦૦ |
| ઘઉં લોકવન | ૪૩૫ | ૪૯૦ |
| ઘઉં ટુકડા | ૪૫૩ | ૫૬૨ |
| જુવાર સફેદ | ૮૦૦ | ૧૦૧૨ |
| બાજરી | ૨૯૦ | ૩૧૪ |
| તુવેર | ૧૨૨૦ | ૧૫૬૮ |
| ચણા પીળા | ૯૪૦ | ૧૦૬૦ |
| ચણા સફેદ | ૧૧૧૦ | ૧૬૬૮ |
| અડદ | ૧૨૫૧ | ૧૬૭૦ |
| મગ | ૧૦૧૦ | ૧૬૦૦ |
| વાલ દેશી | ૪૫૦ | ૮૭૫ |
| ચોળી | ૧૦૮૦ | ૧૦૮૦ |
| વટાણા | ૭૧૦ | ૧૧૪૦ |
| રાજમા | ૮૦૦ | ૧૬૦૦ |
| સીંગદાણા | ૧૨૦૦ | ૧૬૧૫ |
| મગફળી જાડી | ૧૦૯૦ | ૧૪૭૪ |
| મગફળી જીણી | ૧૦૯૨ | ૧૪૫૬ |
| તલી | ૧૩૨૦ | ૨૧૬૦ |
| એરંડા | ૧૧૮૨ | ૧૨૪૮ |
| અજમો | ૧૨૦૦ | ૧૨૦૦ |
| સોયાબીન | ૮૦૦ | ૧૦૫૦ |
| સીંગફાડા | ૧૧૦૦ | ૧૫૪૧ |
| કાળા તલ | ૨૩૦૦ | ૩૮૫૦ |
| લસણ | ૯૦૦ | ૧૬૦૦ |
| ધાણા | ૧૭૦૦ | ૨૩૦૦ |
| મરચા સુકા | ૨૦૦૦ | ૬૫૦૦ |
| ધાણી | ૧૭૫૦ | ૨૬૫૦ |
| વરીયાળી | ૧૮૫૦ | ૧૮૫૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૪૧૦૦ |
| રાય | ૧૧૨૦ | ૧૩૭૦ |
| મેથી | ૯૫૦ | ૧૬૦૦ |
| અશેરીયો | ૯૦૦ | ૧૧૭૫ |
| કલોંજી | ૩૯૦૦ | ૪૨૩૨ |
| રાયડો | ૯૨૦ | ૧૧૪૦ |

**રાજકોટ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| લીંબુ | ૧૧૨૯ | ૨૨૪૮ |
| સાકરટેટી | ૨૨૧ | ૪૪૨ |
| તરબુચ | ૪૧૩ | ૬૧૦ |
| પપૈયા | ૮૮ | ૧૬૪ |
| બટેટા | ૯૫ | ૨૩૪ |
| ડુંગળી સુકી | ૫૭ | ૨૫૧ |
| ટમેટા | ૧૩૮ | ૨૪૩ |
| સુરણ | ૭૯૭ | ૯૫૪ |
| કોથમરી | ૧૯૫ | ૩૦૨ |
| સકરીયા | ૫૦૭ | ૭૦૯ |
| મુળા | ૩૧૯ | ૫૧૨ |
| રીંગણા | ૧૬૨ | ૩૧૧ |
| કોબીજ | ૬૬ | ૧૦૭ |
| ફ્લાવર | ૧૭૧ | ૩૧૨ |
| ભીંડો | ૮૨૩ | ૧૦૧૪ |
| ગુવાર | ૧૨૨૪ | ૧૬૧૫ |
| ચોળાસીંગ | ૮૦૩ | ૧૨૧૮ |
| વાલોળ | ૩૮૮ | ૬૧૧ |
| દુધી | ૧૧૧ | ૧૫૯ |
| કારેલા | ૭૧૨ | ૮૮૦ |
| સરગવો | ૪૧૧ | ૯૦૭ |
| તુરીયા | ૪૫૩ | ૭૬૨ |
| કાકડી | ૩૧૩ | ૫૨૪ |
| ગાજર | ૨૨૨ | ૩૫૮ |
| વટાણા | ૫૮૧ | ૮૧૦ |
| તુવેરસીંગ | ૬૧૭ | ૮૦૯ |
| ગલકા | ૨૩૬ | ૩૮૯ |
| બીટ | ૧૦૮ | ૨૧૯ |
| મેથી | ૧૯૭ | ૨૪૦ |
| વાલ | ૬૧૧ | ૯૭૯ |
| ડુંગળી લીલી | ૨૫૮ | ૪૦૧ |
| આદુ | ૯૫૮ | ૧૧૬૪ |
| મરચા લીલા | ૭૭૧ | ૧૦૦૨ |
| લસણ લીલું | ૭૨૯ | ૧૩૨૬ |
| મકાઇ લીલી | ૧૬૮ | ૨૮૨ |

**ગોંડલ**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૧૫૧ | ૧૫૬૬ |
| ઘઉં લોકવન | ૪૩૬ | ૫૩૬ |
| ઘઉં ટુકડા | ૪૩૨ | ૬૩૪ |
| મગફળી જીણી | ૧૧૦૧ | ૧૪૪૬ |
| સિંગ ફાડીયા | ૧૦૦૦ | ૧૫૫૧ |
| એરંડા / એરંડી | ૭૦૦ | ૧૨૬૧ |
| જીરૂ | ૨૦૦૦ | ૪૪૦૧ |
| ક્લંજી | ૧૧૫૧ | ૪૧૯૧ |
| વરીયાળી | ૧૨૭૬ | ૧૨૭૬ |
| ધાણા | ૧૦૫૧ | ૨૨૯૧ |
| મરચા સૂકા પટ્ટો | ૧૬૦૧ | ૮૩૦૧ |
| લસણ સુકું | ૭૦૧ | ૧૩૦૧ |
| ડુંગળી લાલ | ૬૬ | ૨૬૬ |
| અડદ | ૧૦૦૧ | ૧૩૯૧ |
| તુવેર | ૧૦૫૧ | ૧૬૧૧ |
| રાયડો | ૩૦૧ | ૧૧૧૧ |
| રાય | ૧૦૪૧ | ૧૦૯૧ |
| મેથી | ૮૦૧ | ૧૪૦૧ |
| કાંગ | ૩૦૧ | ૪૮૧ |
| મરચા | ૧૭૦૧ | ૭૯૦૧ |
| મગફળી જાડી | ૧૦૦૬ | ૧૪૬૧ |
| સફેદ ચણા | ૧૦૩૬ | ૧૬૫૧ |
| મગફળી ૬૬ | ૧૪૨૧ | ૧૪૨૧ |
| તલ - તલી | ૧૦૦૦ | ૨૦૬૧ |
| ધાણી | ૧૧૫૧ | ૨૪૭૬ |
| ડુંગળી સફેદ | ૧૯૬ | ૨૬૧ |
| જુવાર | ૯૦૧ | ૧૦૨૧ |
| મકાઇ | ૪૦૧ | ૪૨૧ |
| મગ | ૮૨૬ | ૧૫૭૬ |
| ચણા | ૧૦૦૧ | ૧૦૫૬ |
| વાલ | ૮૩૧ | ૧૧૦૦ |
| ચોળા / ચોળી | ૩૦૧ | ૮૦૧ |
| સોયાબીન | ૯૬૧ | ૧૦૪૧ |
| અજમાં | ૧૨૭૬ | ૧૨૭૬ |
| ગોગળી | ૯૪૧ | ૧૨૨૧ |
| વટાણા | ૭૦૧ | ૧૦૦૧ |

**ગોંડલ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| ટમેટા | ૮૦ | ૩૪૦ |
| મરચા | ૨૦૦ | ૧૬૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૨૦૦૦ |
| કોબી | ૩૦ | ૨૦૦ |
| દુધી | ૪૦ | ૨૦૦ |
| ફ્લાવર | ૨૦ | ૩૦૦ |
| કાકડી | ૧૦૦ | ૭૦૦ |
| રીંગણા | ૧૦૦ | ૬૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૮૦૦ |
| ગલકા | ૧૦૦ | ૬૦૦ |
| ગાજર | ૧૦૦ | ૫૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૮૦૦ |
| તુવેર | ૩૦૦ | ૬૦૦ |
| વાલ | ૨૦૦ | ૧૧૦૦ |
| વટાણા | ૨૦૦ | ૮૦૦ |
| શક્કરીયા | ૨૮૦ | ૪૦૦ |
| કેરી કાચી | ૧૦૦૦ | ૨૬૦૦ |
| બટેટા | ૧૫૦ | ૨૫૦ |
| ડુંગળી પુરા | ૩ | ૫ |
| કોથમીર પુરા | ૪ | ૧૫ |
| મૂળા પુરા | ૩ | ૭ |
| ફોદીનો પુરા | ૧ | ૩ |
| પરવર | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ઘીસોડા | ૧૦૦ | ૮૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૨૪૦૦ |
| મેથી પુરા | ૧ | ૭ |
| બીટ પુરા | ૫ | ૧૦ |
| સરગવો પુરા | ૨૦ | ૪૫ |
| ચોરા | ૨૦૦ | ૧૨૦૦ |
| કારેલા | ૨૦૦ | ૯૦૦ |
| વાલોર | ૨૦૦ | ૬૦૦ |
| કાચા પોપૈયા | ૪૦ | ૨૦૦ |
| આદુ | ૨૦૦ | ૧૩૦૦ |
| ફ્ણશી | ૧૦૦૦ | ૧૬૦૦ |
| મકાઇ ડોડા | ૨૦૦ | ૩૦૦ |
| લસણ પુરા | ૪ | ૬ |
| પાલક પુરા | ૨ | ૪ |

**અમરેલી**

| | | |
|---|---|---|
| શિંગ મઠડી | ૧૩૭૦ | ૧૩૭૦ |
| શિંગ ગીરનાર | ૧૪૧૦ | ૧૪૩૫ |
| શિંગ મોટી | ૯૦૦ | ૧૫૦૦ |
| શિંગ દાણા | ૧૪૧૫ | ૧૪૪૫ |
| શિંગદાણા ફાડા | ૧૧૦૦ | ૧૫૦૫ |
| તલ સફેદ | ૧૫૭૦ | ૧૭૭૫ |
| તલ કાળા | ૧૧૪૦ | ૩૭૫૦ |
| બાજરો | ૫૩૦ | ૫૩૦ |
| ઘઉં ટુકડા | ૩૯૫ | ૬૭૦ |
| ઘઉં લોકવન | ૩૯૦ | ૫૦૦ |
| અડદ | ૯૫૦ | ૧૧૯૦ |
| ચણા | ૮૮૦ | ૧૦૩૦ |
| ચણા દેશી | ૯૬૫ | ૧૧૨૫ |
| સફેદ ચણા | ૯૦૦ | ૧૦૫૫ |
| છોલે ચણા | ૧૩૯૫ | ૧૩૯૫ |
| તુવેર | ૯૫૦ | ૧૪૭૫ |
| કપાસ | ૯૦૦ | ૧૬૧૫ |
| એરંડા | ૧૧૦૫ | ૧૨૪૦ |
| જીરૂ | ૨૮૦૦ | ૪૦૦૦ |
| રાયડો | ૯૫૦ | ૧૦૨૦ |
| ધાણા | ૧૭૦૦ | ૨૩૩૫ |
| ધાણી | ૧૬૩૦ | ૩૧૩૦ |
| અજમા | ૧૭૦૦ | ૧૭૦૦ |
| મેથી | ૭૦૦ | ૧૦૭૦ |
| સોયાબીન | ૯૦૦ | ૧૦૧૫ |
| મરચા લાંબા | ૧૧૩૦ | ૬૨૫૦ |
| મરચા ઘોલર | ૩૫૦૦ | ૭૪૭૦ |
| કાંગ | ૫૧૫ | ૫૧૫ |

**અમરેલી (શાકભાજી)**

| | | |
|---|---|---|
| બટેટા | ૧૪૦ | ૨૨૦ |
| રીંગણા | ૨૦૦ | ૩૫૦ |
| ફુલાવર | ૧૦૦ | ૧૭૦ |
| કોબીજ | ૧૦૦ | ૧૬૦ |
| શક્કરિયા | ૪૦૦ | ૪૮૦ |
| ટમેટા | ૧૦૦ | ૩૦૦ |
| સુરણ | ૮૦૦ | ૯૦૦ |
| ગાજર | ૨૨૦ | ૩૩૦ |
| દૂધી | ૧૫૦ | ૨૦૦ |
| કારેલા | ૬૦૦ | ૭૦૦ |
| ગલકા | ૩૫૦ | ૪૫૦ |
| મૂળા | ૨૦૦ | ૩૦૦ |
| કાકડી | ૨૦૦ | ૨૫૦ |
| ગુવાર | ૧૦૦૦ | ૧૩૦૦ |
| વાલોળ | ૩૨૦ | ૪૦૦ |
| વટાણા | ૫૦૦ | ૬૦૦ |
| ચોળા લીલાં | ૭૦૦ | ૮૦૦ |
| તુરીયા | ૩૫૦ | ૪૫૦ |
| વાલ | ૬૫૦ | ૭૫૦ |
| તુવેર | ૫૦૦ | ૬૦૦ |
| ભીંડો | ૩૦૦ | ૮૨૦ |
| આદુ | ૧૧૧૦ | ૧૨૬૦ |
| કોથમીર | ૨૦૦ | ૩૩૦ |
| મેથીભાજી | ૩૦૦ | ૩૮૦ |
| ફુદીનો | ૫૦૦ | ૬૦૦ |
| ટીંડોરા | ૬૦૦ | ૭૦૦ |
| બીટ | ૨૦૦ | ૨૫૦ |
| સરગવો | ૪૦૦ | ૫૦૦ |
| લીમડો મીઠો | ૧૮૦ | ૨૦૦ |
| મરચા લીલા | ૫૦૦ | ૭૫૦ |
| મરચા લાલ | ૮૦૦ | ૧૨૦૦ |
| ડુંગળી લીલી | ૨૨૦ | ૩૦૦ |
| ડુંગળી સૂકી | ૧૨૦ | ૨૭૦ |
| લસણ લીલું | ૬૦૦ | ૭૩૦ |
| લસણ સૂકું | ૧૧૫૦ | ૧૫૦૦ |
| પાલક | ૩૦૦ | ૪૨૦ |
| લીંબુ | ૧૮૦૦ | ૨૨૦૦ |
| મકાઇ | ૨૫૦ | ૩૫૦ |

**બાબરા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૩૮૦ | ૧૫૭૫ |
| કપાસ મીડીયમ | ૧૧૪૦ | ૧૩૭૦ |
| મગફળી | ૧૨૩૦ | ૧૩૮૦ |
| જીરૂ | ૩૨૨૦ | ૪૩૯૦ |
| ચણા | ૧૦૦૭ | ૧૦૨૩ |
| ઘઉં | ૪૬૫ | ૫૨૫ |
| ધાણા | ૧૫૪૫ | ૨૩૨૫ |
| તુવેર | ૧૨૧૫ | ૧૪૩૫ |

**ધારી**

| | | |
|---|---|---|
| મગફળી | ૧૦૨૬ | ૧૦૬૦ |
| ઘઉં | ૪૦૦ | ૪૪૫ |
| ચણા | ૯૨૫ | ૧૦૨૬ |
| તુવેર | ૧૦૦૫ | ૧૪૩૫ |
| ધાણા | ૧૯૦૦ | ૨૦૧૨ |
| રાઈ | ૧૦૧૦ | ૧૦૧૦ |
| ફાડા | ૧૨૬૦ | ૧૨૬૦ |
| સોયાબીન | ૯૩૦ | ૯૩૦ |

**કોડીનાર**

| | | |
|---|---|---|
| મગફળી જી-૨૦ | ૧૧૨૫ | ૧૩૭૦ |
| બાજરી હાઈબ્રીડ | ૩૪૦ | ૫૮૬ |
| ઘઉં ટુકડા | ૪૪૦ | ૫૫૨ |
| ઘઉં | ૪૦૦ | ૪૬૨ |
| રાય | ૧૦૮૦ | ૧૨૫૦ |
| રાયડો | ૯૦૦ | ૧૦૪૮ |
| મેથી | ૧૦૦૦ | ૧૧૦૦ |
| તુવેર | ૧૧૫૦ | ૧૫૧૨ |
| જુવાર | ૭૦૦ | ૧૧૧૧ |
| અડદ | ૧૦૦૦ | ૧૫૭૦ |
| મગ | ૧૩૦૦ | ૧૭૫૦ |
| ચણા | ૯૪૦ | ૧૦૩૨ |
| સોયાબીન | ૯૨૫ | ૧૦૪૨ |
| ધાણા | ૧૨૫૦ | ૨૦૨૦ |
| કાંગ | ૪૫૦ | ૫૦૦ |

**બગસરા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૦૦ | ૧૫૮૮ |
| ઘઉં લોકવન | ૩૮૦ | ૪૪૬ |
| ઘઉં ટુકડા | ૩૮૫ | ૪૫૦ |
| ચણા | ૮૫૦ | ૧૦૧૨ |
| ધાણા | ૧૫૦૦ | ૧૮૬૫ |
| બાજરો | ૪૫૦ | ૪૫૦ |
| મેથી | ૮૦૦ | ૮૫૦ |
| શિંગ દાણા | ૧૩૦૦ | ૧૪૦૦ |
| તુવેર | ૧૧૩૦ | ૧૪૧૦ |
| અડદ | ૮૦૦ | ૧૦૪૦ |
| તલ સફેદ | ૧૫૩૦ | ૧૮૦૦ |
| મગફળી | ૧૦૫૦ | ૧૧૬૦ |
| એરંડી | ૧૦૬૦ | ૧૦૬૦ |
| સોયાબીન | ૯૦૦ | ૯૦૦ |

**ભેંસાણ**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૧ | ૧૫૭૬ |
| ઘઉં | ૪૦૧ | ૪૮૧ |
| ચણા | ૯૦૧ | ૧૦૪૧ |
| તુવેર | ૮૦૧ | ૧૫૧૧ |
| મગફળી | ૭૦૧ | ૧૨૦૬ |
| મેથી | ૭૦૧ | ૯૯૬ |
| ધાણા | ૧૦૦૧ | ૨૧૬૬ |
| સોયાબીન | ૮૦૧ | ૯૨૬ |

**સાવરકુંડલા**

| | | |
|---|---|---|
| શિંગ-જીણી | ૧૩૦૦ | ૧૪૮૦ |
| શિંગ મોટી | ૧૨૫૦ | ૧૫૩૦ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૧૯૫૧ |
| જીરૂ | ૩૬૦૦ | ૪૨૨૫ |
| કપાસ | ૧૩૫૫ | ૧૫૫૦ |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૪૮૦ |
| ઘઉં ટુકડા | ૪૩૦ | ૫૨૨ |
| બાજરો | ૩૦૦ | ૫૫૦ |
| જુવાર | ૬૦૦ | ૮૫૦ |
| ચણા | ૧૦૧૧ | ૧૦૫૪ |
| દેશી ચણા | ૧૧૦૦ | ૧૨૦૮ |
| તુવેર | ૧૩૦૦ | ૧૫૨૨ |
| એરંડી | ૧૧૦૦ | ૧૨૨૩ |
| ધાણા | ૧૬૫૦ | ૨૩૫૧ |
| સોયાબીન | --- | ૯૩૨ |

**જામનગર**

| | | |
|---|---|---|
| જુવાર | ૬૦૦ | ૮૬૫ |
| બાજરો | ૪૦૦ | ૪૪૫ |
| ઘઉં | ૪૦૦ | ૫૧૧ |
| મગ | ૧૦૦૦ | ૧૨૦૫ |
| અડદ | ૧૦૦૦ | ૧૩૫૦ |
| તુવેર | ૧૨૦૦ | ૧૫૦૦ |
| ચોળી | ૫૦૦ | ૭૫૦ |
| મેથી | ૧૨૦૦ | ૧૪૧૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૪૦ |
| ચણા સફેદ | ૧૦૦૦ | ૧૫૫૦ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૧૫૬૫ |
| મગફળી જાડી | ૧૦૦૦ | ૧૪૬૦ |
| રાયડો | ૧૦૫૦ | ૧૧૭૦ |
| રાય | ૧૧૦૦ | ૧૩૭૦ |
| લસણ | ૫૦૦ | ૧૨૦૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૨૦ |
| જીરૂ | ૧૮૨૫ | ૪૧૩૫ |
| અજમો | ૧૩૦૦ | ૩૬૦૦ |
| અજમાની ભુસી | ૫૦ | ૨૨૬૦ |
| ધાણા | ૧૩૬૦ | ૨૦૯૦ |
| ધાણી | ૧૬૫૦ | ૨૬૭૦ |
| મરચા | ૧૮૦૦ | ૬૧૦૫ |
| ડુંગળી | ૪૦ | ૨૫૦ |
| વટાણા | ૬૦૦ | ૧૦૮૦ |
| કલોજી | ૧૫૦૦ | ૩૩૦૦ |

**મહુવા**

| | | |
|---|---|---|
| શિંગ ૩૨ | ૧૦૪૦ | ૧૧૬૮ |
| શિંગ ૩૯ | ૧૧૫૦ | ૧૨૪૭ |
| શિંગ જી-૨૦ | ૧૨૯૫ | ૧૫૬૫ |
| એરંડા | ૧૨૩૪ | ૧૨૩૭ |
| જુવાર | ૪૫૧ | ૧૦૧૩ |
| બાજરી | ૩૧૧ | ૫૬૦ |
| ઘઉં ટુકડા | ૪૩૧ | ૫૪૧ |
| મકાઈ | ૨૫૫ | ૨૫૫ |
| અડદ | ૩૭૫ | ૧૦૪૦ |
| મગ | ૫૭૦ | ૨૧૦૦ |
| ધાણા | ૧૪૦૧ | ૧૮૯૯ |
| ચણા | ૯૦૦ | ૧૦૪૨ |
| તલ સફેદ | ૨૦૩૩ | ૨૦૩૩ |
| તલ કાળા | ૧૧૯૯ | ૩૫૦૧ |
| તુવેર | ૧૦૦૦ | ૧૪૮૮ |
| જીરૂ | ૭૭૦ | ૪૩૭૫ |
| ડુંગળી લાલ | ૮૦ | ૧૯૩ |
| ડુંગળી સફેદ | ૨૧૬ | ૩૪૬ |
| કપાસ શંકર | ૧૧૦૦ | ૧૫૦૯ |
| નાળીયેર | ૬૮૦ | ૨૫૦૦ |

**લીલીયા મોટા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૦ | ૧૫૨૧ |
| કપાસ સીગ્રેડ | ૬૬૦ | ૯૦૦ |
| તુવેર | ૧૦૧૦ | ૧૩૦૦ |

**ખાંભા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૩૬૦ | ૧૫૪૦ |
| ચણા | ૯૭૬ | ૧૦૨૯ |
| જુવાર સફેદ | ૧૧૪૫ | ૧૨૭૫ |
| તુવેર | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ધાણા | ૧૩૦૦ | ૧૬૦૦ |
| ઘઉં | ૪૦૦ | ૪૦૦ |

**રાજુલા**

| | | |
|---|---|---|
| શીંગ | ૭૦૦ | ૧૧૫૧ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૧૮૦૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૫૦ |
| બાજરો | ૩૫૦ | ૪૪૬ |
| ઘઉં ટુકડા | ૩૭૫ | ૫૨૧ |
| જુવાર | ૭૦૦ | ૧૧૧૬ |
| મકાઈ | ૪૦૦ | ૪૦૦ |
| મગ | ૧૫૫૦ | ૧૫૫૦ |
| તુવેર | ૧૧૦૦ | ૧૪૫૦ |
| ચણા | ૯૨૫ | ૧૦૧૦ |
| એરંડી | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ધાણા | ૧૬૦૦ | ૨૦૦૦ |
| રાય | ૯૦૦ | ૧૨૨૬ |

# 'તિલક તરાજુ ઔર તલવાર, ઇન કો મારો જૂતે ચાર'થી 'બ્રાહ્મણ તેરી કબ્ર ખુદેગી' સુધી

**બ્રાહ્મણ વિરોધી રાજકારણ : લેખાંક ૪**




(ગતાંકથી ચાલુ)

જસ્ટિસ પાર્ટી-દ્રમુક પછી બ્રાહ્મણ વિરોધી રાજકીય પક્ષોની અને સંસ્થાઓની સમય રેખા જોઈએ.

૧૯૫૭માં આંબેડકરે રિપબ્લિકન પાર્ટી ઑફ ઈન્ડિયા બનાવી. આંબેડકરને હરાવનાર નહેરુની કૉંગ્રેસ હતી. નહેરુ અનામતના વિરોધી હતા. ઈ. સ. ૧૯૭૨માં દલિત પેન્થર પાર્ટી સ્થપાઈ.

૧૯૭૮માં કાંશીરામનું બામસેફ અને દલિત શોષિત સમાજ સંઘર્ષ સમિતિ (ડીએસ-૪) સંગઠન આવ્યું. કાંશીરામે ત્યારે સૂત્ર આપ્યું હતું, "બ્રાહ્મણ, બનિયા, ઠાકુર ચોર, બાકી સબ હૈ ડીએસ-ફોર", પરંતુ કાંશીરામ સામે કોઈ પગલાં ન લેવાયા.

ઈ. સ. ૧૯૭૮માં ગુજરાતમાં બાબુભાઈ જશભાઈ પટેલની જનતા પક્ષની સરકાર જેને જનસંઘ (ભાજપ)નો ટેકો હતો, તેણે બક્ષીપંચની ભલામણો અમલમાં મૂકી ઓબીસીને અનામત આપી હતી.

ઈ. સ. ૧૯૭૯માં જનસંઘ જેમાં ભળી ગયો હતો તે જનતા પાર્ટીની મોરારજી દેસાઈ સરકારે સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ (ઓબીસી) માટે બી. પી. મંડળના નેતૃત્વમાં મડલ આયોગની રચના કરી હતી. ઈ. સ. ૧૯૮૦માં સોંપેલા અહેવાલમાં તેમણે ઓબીસી માટે ૨૭ ટકા અનામતની રચના કરી હતી પરંતુ આ રિપૉર્ટ ૧૯૯૦ સુધી ધૂળ ખાતો રહ્યો હતો.

માધવસિંહ સોલંકીએ ઈ. સ. ૧૯૮૧માં ઓબીસી માટે ૧૦ ટકા અનામતની જાહેરાત કરી. બક્ષીપંચ પછી ગોપાલકૃષ્ણ પંચ અને રાણે પંચ નિમાયા. માધવસિંહ સોલંકીએ 'ખામ' થિયરી આપી, આનાથી રાજકારણમાં જાતિવાદને મેઈનસ્ટ્રીમ કર્યો. એટલે કે રાષ્ટ્રવાદી અને રાષ્ટ્રીય પક્ષ મનાતા કૉંગ્રેસે જાતિવાદી રાજકારણનો આશ્રય લેવાનું શરૂ કરી દીધું, આથી બસપા, સપા, રાજદ જેવા ભવિષ્યમાં બનનારા પક્ષોને દિશા મળી ગઈ.

ઈ. સ. ૧૯૮૪માં કાંશીરામ-માયાવતીનો બહુજન સમાજ પક્ષ બન્યો.

ઈ. સ. ૧૯૮૯માં તમિળમાં પીએમકે પક્ષ બન્યો. તો આ જ વર્ષે ઉપ્રની ચૂંટણી પહેલાં કાંશીરામ (બસપા)એ સૂત્ર આપ્યું- તિલક તરાજુ ઔર તલવાર, ઈન કો મારો જૂતે ચાર. પેરિયાર પછી કાંશીરામે આ સૂત્ર આપી ઉચ્ચ જ્ઞાતિઓ વિરુદ્ધ હિંસા અને ઘૃણા ફેલાવવાનું કાર્ય કર્યું. તેમણે 'મનુવાદ' શબ્દ પણ આપ્યો જે આજે બ્રાહ્મણોના અને સંઘ-ભાજપના વિરોધમાં બહુ વપરાય છે.

ઈ. સ. ૧૯૯૦માં વી. પી. સિંહે મંડલ કમિશનની ભલામણો અમલમાં મૂકી જાતિવાદી રાજકારણને ઉત્તેજન આપ્યું.

ઈ. સ. વી. પી.ના જનતાદળમાંથી ચંદ્રશેખરે જનતા દળ (સોશિયાલિસ્ટ) બનાવ્યો.

મુલાયમસિંહ યાદવે ઈ. સ. ૧૯૯૨માં સમાજવાદી પક્ષ બનાવ્યો.

ઈ. સ. ૧૯૯૨માં પંજાબની વિધાનસભા ચૂંટણીમાં શિરોમણિ અકાલી દળે બહિષ્કાર કર્યો હતો ત્યારે બસપાને ૯ બેઠકો મળી હતી અને તે મુખ્ય વિપક્ષ બની ગયો હતો.

ઈ. સ. ૧૯૯૪માં જ્યૉર્જ ફર્નાન્ડિઝ અને નીતિશકુમારની સમતા પાર્ટી બની.

ઈ. સ. ૧૯૯૬માં ચૌધરી દેવી લાલે ઈંડિયન નેશનલ લોક દળ બનાવ્યું. દેવીલાલ જાટ રાજકારણના નેતા હતા.

ઈ. સ. ૧૯૯૭માં લાલુ પ્રસાદ યાદવે રાષ્ટ્રીય જનતા દળ બનાવ્યું. તે પહેલાં તેમણે બિહારની ચૂંટણીમાં સૂત્ર આપ્યું હતું- ભૂરા બાલ સાફ કરો. આનો અર્થ થાય છે- ભૂ એટલે ભૂમિહાર, રા એટલે રાજપૂત, બા એટલે બ્રાહ્મણ અને લ એટલે લાલા (વાણિયા).

ઈ. સ. ૧૯૯૮માં અજિતસિંહનું રાષ્ટ્રીય લોક દળ બન્યું. તે પણ જાટ રાજકારણ કરતું હતું.

ઈ. સ. ૧૯૯૯માં એચ. ડી. દેવગોડાએ જનતા દળ (સે) બનાવ્યો.

ઈ. સ. ૨૦૦૦માં રામવિલાસ પાસવાને લોક જનશક્તિ પાર્ટી બનાવી.

ઈ. સ. ૨૦૦૩માં નીતિશકુમારનો જદ (યુ) બન્યો. ૨૦૦૭માં નીતિશકુમારે તો મહા દલિત શ્રેણી જોડી દીધી. આમ, જ્ઞાતિવાદી રાજકારણ આગળ વધતું જ ગયું.

ઊંચનીચ દલિતોની પેટા જ્ઞાતિઓમાં પણ છે. પરંતુ એટ્રૉસિટી અધિનિયમ અને યુજીસીના નિયમો માત્ર સવર્ણ જ્ઞાતિઓને જ દોષી ઠેરવે છે. જ્યારે બ્રાહ્મણ, વાણિયા, ક્ષત્રિયોને જાતિસૂચક અપમાનજનક શબ્દ કહેવાથી કોઈ તકલીફ નથી. તેમને મારી નાખવાનાં સૂત્રો પણ પોકારાયાં છે. નોંધનીય છે કે જેમ-જેમ અનામત વધતી ગઈ તેમ-તેમ દલિતોમાં બ્રાહ્મણ વિરોધ વધતો ગયો છે. હિન્દુ વિરોધ વધતો ગયો છે. તો બીજી તરફ, સવર્ણ તરફી લોકો કહે છે કે આ સમસ્યા અંગ્રેજોના કારણે જ આવી અને હવે ભેદભાવ બિલકુલ નથી, તે પણ સાચું નથી. ગામડાંઓમાં હજુ પણ દલિત વિરોધ પ્રવર્તે છે. તેમને વરઘોડાઓ પોલીસ સુરક્ષા વચ્ચે કાઢવા પડે છે. સાફા નહીં પહેરવા, મૂછ નહીં રાખવા, કૂવામાંથી પાણી નહીં લેવા દેવા જેવા ભેદભાવોનો સામનો કરવો પડે છે. જોકે આ બધામાં બ્રાહ્મણો કેટલા સહભાગી હોય છે અને ઓબીસી જ્ઞાતિના લોકો કેટલા, તે ખરેખર તપાસનો વિષય છે. એ પણ અટલ સત્ય છે કે દલિતોનું હિત હિન્દુ સમાજ સાથે અતૂટ રીતે જોડાયેલું છે. કટ્ટર મુસ્લિમોની જિહાદનો ભોગ માત્ર સવર્ણ હિન્દુઓ જ નથી બનતા, જય ભીમ-જય મિમ સૂત્રમાં માનનારા દલિતોને પણ બને છે.

૧. ઉત્તર પ્રદેશના દેવબંધમાં ૬ જુલાઈ ૨૦૨૫એ દલિતોનો વરઘોડો મસ્જિદ પાસેથી નીકળી રહ્યો હતો ત્યારે મુસ્લિમ સમુદાયે તેના પર આક્રમણ કર્યું. તેમાં અનેક લોકો ઘાયલ થયા.

૨. ઉપ્રમાં સમાજવાદી પક્ષના મુસ્લિમ ધારાસભ્ય શહજીલ ઈમામે દલિત સમુદાયના તેના ડ્રાઈવર ધર્મેન્દ્રને ઢોર માર માર્યો. જાતિસૂચક શબ્દો પણ કહ્યા. જીવ લેવાની ધમકી આપી. કારણ એ હતું કે ધર્મેન્દ્ર ગાડી બરાબર સાફ નહોતો કરતો.

૩. હરિયાણાના નૂહ જિલ્લામાં ૧૭ એપ્રિલ ૨૦૨૪ના દિને ટ્યૂબવેલ પર દલિત મહિલાઓ પાણી ભરી રહી હતી ત્યારે મુસ્લિમ મહિલાઓએ તેમની સાથે મારપીટ કરી અને કહ્યું કે પાણી ભરવાની આ જગ્યા તેમની છે. આ હિંસામાં મુસ્લિમ પુરુષો પણ જોડાયા હતા.

૪. ઉત્તર પ્રદેશના મુરાદાબાદના પીપલસાનાના મુસ્લિમ કેશ કર્તનકારે દલિતોના વાળ કાપવાની ના પાડી દીધી હતી.

૫. કેરળમ્ ના મલ્લપુરમ્ જિલ્લામાં ૧૭ જાન્યુઆરી ૨૦૨૦એ મુસ્લિમોના વર્ચસ્વવાળી ચેરુકુન્નુ એસસી કૉલોનીમાં ૨૨ દલિત પરિવારોનો બહિષ્કાર કરવામાં આવ્યો હતો. મુસ્લિમ પરિવાર ત્યાં પાણી પૂરું પાડતો હતો. તેણે આ દલિત પરિવારોને પાણી પૂરું પાડવાની ના પાડી દીધી કારણકે તેમાંના ત્રણે નાગરિકત્વ સુધારા અધિનિયમ (સીએએ)ને સમર્થન કરતા કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

આ સિવાય દલિતોને મકાન વેચવા દબાણ કરવું, તેમની દીકરીઓ પર બળાત્કાર, બળજબરીથી નિકાહ, તેમના પંથાંતરણ વગેરેના તો અનેક કિસ્સાઓ છે. પાકિસ્તાનમાં મુસ્લિમોના અત્યાચારોનો સૌથી વધુ ભોગ દલિતો જ બન્યા છે. જોગેન્દ્રનાથ મણ્ડલ મુસ્લિમ લીગ તરફે હતા. તેઓ બંગાળથી પાકિસ્તાન ચાલ્યા ગયા હતા અને બનાવવા ખાતર પાકિસ્તાનમાં તેમને કાયદા અને શ્રમ પ્રધાન પણ બનાવાયા. પરંતુ ત્યાં તેમણે જોયું કે મુસ્લિમો દલિતો સામે હિંસા કરે છે અને પોલીસ મૂક પ્રેક્ષક બની જોઈ રહે છે. આ કારણે તેઓ ઈ. સ. ૧૯૫૦માં ભારત પરત ફરી ગયા.

**વિચાર વલોણું**

**જયવંત પંડ્યા**

બ્રાહ્મણોના વિરોધમાં અને દલિતો માટે ઈ. સ. ૧૯૬૮માં રામસ્વરૂપ વર્માએ ઉત્તર પ્રદેશમાં અર્જક સંઘની સ્થાપના કરી હતી. આ સંસ્થાએ રામાયણ, મહાભારત અને મનુસ્મૃતિને સંપૂર્ણ ફગાવી દીધાં હતાં. તે મૂર્તિપૂજાનો વિરોધી હતી અને લગ્નવિધિ બ્રાહ્મણોના હાથે, અગ્નિના ફેરા ફરીને કરવામાં નહોતો માનતા. ઈ. સ. ૧૯૯૮માં રામસ્વરૂપ વર્માના અવસાન સાથે આ સંસ્થા નબળી પડી ગઈ. હિન્દુઓમાં બ્રાહ્મણોનો વિરોધ થાય છે તેટલો મુસ્લિમ અને ખ્રિસ્તીઓની ઉચ્ચ જાતિઓનો નથી થતો. મુસ્લિમોમાં પણ અશરફ ઊંચી જ્ઞાતિના ગણાય છે. તેમાં સૈયદ, શૈખ, મોગલ અને પઠાણ એ પેટા જાતિઓ છે. આ મુસ્લિમો મૂળ મુસ્લિમ ગણાય છે જ્યારે અજલફ જે હિન્દુઓની નીચલી જાતિમાંથી વટલાયા છે તેમને ગણવામાં આવે છે. જોકે એ અલગ વાત છે કે અશરફ પણ ઈસ્લામની સ્થાપના પછી મુસ્લિમ બન્યા. ખ્રિસ્તીઓમાં પણ સિરિયન ખ્રિસ્તી, દલિત ખ્રિસ્તી છે અને તેમાંય આંતરજ્ઞાતીય લગ્નો ઓછાં થાય છે. ઈન્ડીયન સ્ટેટિસ્ટિકલ ઈન્સ્ટિટ્યૂટના અભ્યાસ પ્રમાણે, સૌથી વધુ આંતરજ્ઞાતીય લગ્નો બ્રાહ્મણોમાં થાય છે. એમ છતાં આઈએએસ અધિકારી સંતોષ વર્મા કહે છે કે "જ્યાં સુધી બ્રાહ્મણ પરિવાર તેમની દીકરી મારા દીકરાને ન આપે અથવા તેની સાથે સંબંધ ન બનાવવા દે ત્યાં સુધી અનામત મળતી રહેવી જોઈએ." આવાં નિવેદનોથી દલિત-સવર્ણ ખાઈ વધુ પહોળી બને છે. સરકાર એસ. સી. સમુદાયના યુવક કે યુવતીને એસ. સી. સિવાયની જ્ઞાતિના યુવતી/યુવક સાથે લગ્ન કરવા માટે રૂ. ૫૦,૦૦૦થી લઈને રૂ. અઢી લાખ આપે છે ! દરેક જ્ઞાતિના લોકો પોતાની દીકરી સમ રિવાજો અને સમસંસ્કૃતિ, સમ ભાષાવાળા પરિવારમાં જાય તેવું ઈચ્છતા હોય છે. આથી તેઓ પોતાની જ્ઞાતિ, અરે તેમાંય પેટા જ્ઞાતિ અને તે પણ એક જ શહેર/આજુબાજુના ગામમાં પરણાવવા ઈચ્છતા હોય છે. પ્રેમ વશ કે પરિવારોની સમજૂતીથી આંતરજ્ઞાતીય લગ્નો ખોટાં નથી પરંતુ તેને થોપવાં કેટલાં યોગ્ય?

૧૯૫૦થી દસ વર્ષ માટે એસ. સી. – એસ. ટી. માટે અનામત આપવાની હતી, પછી સમીક્ષા કરવાની હતી (આ જોગવાઈ બાબાસાહેબ આંબેડકરે સ્વયં કરી હતી), પરંતુ તે પછી તેમાં ઓબીસીની થોડી જાતિનો સમાવેશ કરાયો. તે પછી મતો મેળવવા માટે જાતિઓ ઉમેરાતી જ ગઈ. તેમાં મુસ્લિમ અને ખ્રિસ્તીઓની અંદરની નીચલી જાતિઓ પણ ભળી ! અર્થાત્ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં આક્ષેપ કર્યો હતો કે કર્ણાટકમાં કૉંગ્રેસ સરકારની કૃપાથી ઓબીસીના અધિકારો પર મુસ્લિમ જાતિઓનું અતિક્રમણ થયું. પરંતુ શું ભાજપની સરકારોમાં આ અતિક્રમણ નથી? એ પણ વિચારવું જોઈએ કે આ બધાથી શું સામાજિક ભેદભાવો મટ્યા? કે વધ્યા? એટ્રૉસિટીની ફરિયાદો ઘટી કે વધી? બ્રાહ્મણ વિરોધ ઘટ્યો કે વધ્યો? હિન્દુ વિરોધ ઘટ્યો કે વધ્યો? આ એક બાબતે નહેરુ સાચા હતા. મુસ્લિમ મત બૅંકના તુષ્ટિકરણના રાજકારણને ફગાવવાનું સાહસ નરેન્દ્ર મોદી કરી શક્યા છે, શું જાતિવાદી મત બૅંકના તુષ્ટિકરણને ફગાવી શકશે? કથિત સવર્ણોએ દલિતોને અનામતનો વિરોધ નથી કર્યો. અનામતનો વિરોધ ઈ. સ. ૧૯૮૫માં માધવસિંહ સોલંકીએ ઓબીસીમાં જાતિઓ વધારી ત્યારે થયો. અનામતનો વિરોધ ઈ. સ. ૧૯૮૯માં વી. પી. સિંહે ઓબીસીને અનામત આપી ત્યારે થયો. ૨૦૧૨માં જ યુજીસીએ જ્ઞાતિ આધારિત ભેદભાવો દૂર કરવા નિયમો બનાવ્યા ત્યારે વિરોધ નહોતો થયો તો પછી ૨૦૨૬માં કેમ વિરોધ થાય છે? કારણકે તેમાં માત્ર દલિત-સવર્ણની વાત નથી, તેમાં પુરુષ-મહિલા, દિવ્યાંગ-સબલાંગ, દલિત-ઓબીસી, ઓબીસી-સવર્ણના ભેદભાવ પણ ઊભા થશે તો શૈક્ષણિક કાર્ય સવર્ણ/પુરુષ/સંપૂર્ણાંગ પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓએ ડરતા-ડરતા રહેવું નહીં પડે? અને ઉચ્ચ જાતિ/પુરુષ/સબલાંગ વિરુદ્ધ કંઈ પણ અપમાનજનક બોલાય ત્યારે તે ક્યાં ફરિયાદ કરવા જશે? કૉલેજમાં પ્રેમ પણ થતો હોય અને ઝઘડા પણ થતા હોય. આવું થશે ત્યારે શું આ નિયમોને શસ્ત્ર બનાવાશે તો વિદ્યાર્થીઓની કારકિર્દી રોળાઈ નહીં જાય? એટ્રૉસિટીના કાયદા પછી અને સરકાર/અધિકારીતંત્ર/ન્યાયાલયમાં સ્થાન પામ્યા પછી સામાજિક અન્યાયની વાત હવે એક તરફી નથી રહી. દલિતોમાં કે ઓબીસીમાં અનામત છેવાડા સુધી પહોંચી છે? સર્વોચ્ચ ન્યાયાલયે પણ ક્રીમીલેયરની વાત વારેવારે કરી છે. એટ્રૉસિટીના દુરુપયોગની વાત કરી છે. રાજસ્થાનના નરેશ ચમાર નામના દલિત ભાઈએ જ યુટ્યૂબ ચેનલને આપેલ ઈન્ટરવ્યૂમાં સ્વીકાર્યું છે કે એટ્રૉસિટી કાયદાનો દુરુપયોગ થાય છે અને પૈસા પડાવવા માટે તેને શસ્ત્ર તરીકે ઉગામાય છે. દુરુપયોગ કરનારા સામે કોઈ જોગવાઈ કેમ નથી? દલિતોની રાજનીતિ કરનારા પક્ષોએ દલિતોનો ઉદ્ધાર કર્યો છે ખરો? લાલુ યાદવના શાસનમાં દલિતોની હત્યાઓના કાંડ થયા તેમાં આરોપીઓ નિર્દોષ છૂટી ગયા હતા અને તે સમયે ન બિહારની સરકારે, ન યુપીએ સરકારે સમીક્ષા માટે ઉપલા ન્યાયાલયમાં અપીલ કરી. રાજસ્થાનમાં કૉંગ્રેસ શાસનમાં પણ આવું જ હતું અને (અખંડ) આંધ્ર પ્રદેશમાં કૉંગ્રેસના શાસનમાં પણ થયું હતું. માયાવતીએ મુખ્ય પ્રધાન તરીકે તથાકથિત ભ્રષ્ટાચાર, પૂતળાં બનાવવાં અને વૈભવી રીતે જન્મદિન ઉજવવા ઉપરાંત ખાસ કંઈ ઉપલબ્ધિ મેળવી હતી? અખિલેશ યાદવ, લાલુપ્રસાદ યાદવ, દેવીલાલ, ચૌધરી અજિતસિંહ, રામવિલાસ પાસવાન, શરદ પવાર આ બધા નેતાઓએ દલિત/ઓબીસી રાજકારણના નામે પરિવારને જ સમૃદ્ધ કર્યો. ઓવૈસી બધુ એ જ કરી રહ્યા છે. નરેન્દ્ર મોદીનું 'સબ કા સાથ સબ કા વિકાસ' સૂત્ર (છેલ્લા કેટલાક સમયથી તેઓ માત્ર દલિત-ઓબીસી-આદિવાસી-મહિલાઓની વાત કરે છે તેનો હવે વિરોધ થાય છે) રાજકારણની રીતે પણ સાચું છે. આની સમજ માયાવતી કરતાં બીજા કોને હશે? ૨૦૦૭માં તેમને સમજાઈ ગયું કે બ્રાહ્મણોના સાથ વગર ઉત્તર પ્રદેશમાં ચૂંટણી નહીં જીતી શકાય. આથી ૧૯૮૯માં 'તિલક તરાજુ..' સૂત્ર આપનાર બસપનું ૨૦૦૭માં સૂત્ર હતું, 'હાથી નહીં, ગણેશ હૈ, બ્રહ્મા વિષ્ણુ મહેશ હૈ'. આ જ કારણે તેઓ ૨૦૦૭માં સત્તા પર આવ્યાં હતાં. ૨૦૨૭ની ચૂંટણી પણ તેઓ બ્રાહ્મણોના સાથ સાથે લડવા માગે છે. જય ભીમ-જય મિમની વાત છે ત્યાં સુધી, તાજેતરમાં મહારાષ્ટ્રની સ્થાનિક ચૂંટણીમાં તો સ્પષ્ટ દેખાયું કે ઓબીસી સમુદાયના જિતેન્દ્ર આવ્હડેએ મુસ્લિમ તુષ્ટિકરણમાં સીમા વટાવી દીધી હતી પરંતુ જ્યારે મુસ્લિમ મતદારોને વધુ કટ્ટર વિકલ્પ સહર શૈખના રૂપમાં મળ્યો તો તેમને જીતાડી દીધાં અને 'કૈસા હરાયા'નો ટોણો મારનારાં સહર શૈખ હવે મુંબ્રાને લીલા રંગથી રંગી નાખવા માગે છે ! ઈઝરાયેલ-અમેરિકા અને ઈરાનના યુદ્ધ વચ્ચે તેમજ સર્વોચ્ચ ન્યાયાલયે ૧૯ માર્ચ સુધી સ્થગન આદેશ આપ્યો હોવાથી યુજીસીના નિયમોનો મુદ્દો અત્યારે શાંત છે, પરંતુ પછી કેટલો શાંત રહેશે તે કળવું અઘરું છે. આ નિયમો લાવી મોદી સરકારે પગ પર કુહાડી મારી છે. હિન્દુત્વના વેગ પકડેલા પ્રવાહને રોકવાનું કામ કર્યું છે. હિન્દુઓને જલદીથી ન એક કરી શકાય તે રીતે વિભાજીત કરી દીધા છે, તે કટુ સત્ય છે. આ વિભાજન આમ ને આમ સુદૃઢ થતું રહ્યું તો સંઘના સો વર્ષના પરિશ્રમ પર પાણી ફરી વળશે. ■

jaywant.pandya@gmail.com

# ઈરાન યુદ્ધના લક્ષ્યાંકો - પ્રત્યક્ષ અને પરોક્ષ

ખાડી દેશોના પેટાળમાં ખનીજ તેલ છે. ઈરાન પાસે દુનિયાનો સૌથી મોટો ત્રીજા ક્રમનો ક્રુડ ઓઈલ ભંડાર છે. જે દુનિયાના ઘણા દેશોને ઈંધણ પૂરું પાડે છે. અમેરિકાનું ચલણ ડોલર છે, જેમાં દુનિયાભરના આર્થિક વ્યવહારો થાય છે. આ બંને સામસામા છેડાની બાબત છે. માલ એક પક્ષ પાસે છે અને ચલણ પર બીજાનો અંકુશ છે. આ યુધ્ધના ઊંડાણમાં ક્યાંક આ વિરોધાભાસી સમીકરણ પણ પડેલું છે, પણ એ કોઈ નેતાના નિવેદન થકી પૃષ્ટિ પામી શકે તેમ નથી.ઈરાન હોરમુઝની સામુદ્રધુની પર અંકુશ ધરાવે છે જ્યાંથી વિશ્વના ક્રુડ ઓઈલના કુલ જથ્થાનો ૨૦% જેટલો જથ્થો પસાર થાય છે. ઈરાને ચીન સિવાય કોઈ દેશના જહાજો ત્યાંથી પસાર નહિ થવા દેવાની જાહેરાત કરી દીધી છે.કારણકે એકલા ચીને જ ખામેઈનીના મોત અંગે અમેરિકાની વિરુદ્ધનું વલણ લીધું છે. ઈરાન દ્વારા આ માર્ગ પર લાદવામાં આવેલા પ્રતિબંધોને કારણે વૈશ્વિક સપ્લાય ચેઈનમાં મોટો અવરોધ ઊભો થવાની અને ઉર્જા બજારમાં ભારે અસ્થિરતા આવવાની શક્યતા છે. ભારતમાં તેની અસરો વર્તવાની શરૂઆત થઈ ગઈ છે. જો યુદ્ધ લાંબુ ચાલશે તો આ કટોકટી વધુ ઘેરી અને ગંભીર બની શકે છે.

આ યુદ્ધ થવાના કારણોમાં ચાર પાંચ કારણો મુખ્ય છે. પહેલું કારણ ઈઝરાયેલ અને ઈરાનની દુશ્મની છે. ખામેઈની ઘણી વખત કહી ચુક્યા હતા કે આ દુનિયાના નકશામાં ઈઝરાયેલ જેવા દેશનું અસ્તિત્વ જ ન હોવું જોઈએ અમે તેને મિટાવીને રહીશું.ઈઝરાયેલ જેવા આક્રમક દેશ ઈરાન પર હુમલો કરવા માટે આ એક કારણ પણ પુરતું છે. બીજું કારણ છે ઈરાનનો પરમાણું કાર્યક્રમ. અમેરિકાનું દ્રઢ પણે માનવું છે કે ઈરાન જેવા દેશ પાસે પરમાણું બૉંબ હોવો આખા વિશ્વ માટે ઘાતક બની શકે છે. જ્યાં ધાર્મિક નેતાનું સીધું શાસન હોય ત્યાં પરમાણું ક્ષમતા હોવી આખા વિશ્વ માટે ખતરો બની શકે છે. ડોનાલ્ડ ટ્રમ્પના ખાસ દૂત સ્ટીવ વિટકોફના જણાવ્યા અનુસાર, ઈરાન પાસે હાલમાં ૪૬૦ કિલોગ્રામ સમૃદ્ધ યુરેનિયમ છે. આ જથ્થો૧૧ પરમાણુ બોમ્બ બનાવવા માટે પુરતો છે. ઈરાન પાસે જે યુરેનિયમ છે તે ૬૦% સુધી શુદ્ધ છે. પરમાણુ હથિયાર બનાવવા માટે, યુરેનિયમને ૯૦ ટકા સુધી શુદ્ધ કરવું જરૂરી છે.આ પહેલા ગત વર્ષે પણ અમેરિકાએ ઈરાનના પરમાણું કાર્યક્રમના સ્થળોએ હુમલો કરેલો હતો. ત્રીજું કારણ ચીનની આંતરરાષ્ટ્રીય સ્તરે વધતી આર્થિક તાકાત છે. ચીન અમેરિકાને બધા આર્થિક મોરચે પડકારો આપી રહ્યું છે. તાજેતરમાં અમેરિકાએ વેનેઝુએલા અને ઈરાનને ટાર્ગેટ બનાવ્યા છે. ચીન આ બંને દેશો પાસેથી ખુબ મોટા પ્રમાણમાં ક્રુડ ઓઈલ ખરીદ કરી રહ્યું છે.આ બંને દેશો ચીનને ઓછા ભાવે ક્રુડ ઓઈલ આપી રહયા છે. એ અમેરિકાની ચીન સામેનો વ્યૂહ હોઈ શકે છે. આ બંને હુમલા સીધા ચીન પર હુમલા કહી શકાય.

**રાજકીય રસધાર**

**પ્રવીણ માધાણી**

ચોથું કારણ અમેરિકા અયાતુલ્લાહ ખામેઈનીનું કટ્ટરવાદી શાસન ગણાવી રહ્યું છે. ટ્રમ્પ પોતાના નિવેદનોમાં પણ કહી ચુક્યા છે કે ઈરાનમાં શાસન પરિવર્તન પણ અમારો લક્ષ્યાંક છે. વધુમાં એ પણ કહી દીધું છે કે જે શાસન પરિવર્તન થશે એ અમેરિકાની મંજૂરીથી જ થઈ શકશે. હવે અમેરિકાએ લક્ષ્યાંક નિર્ધારિત હુમલો કરીને ખામેઈની સહિત લગભગ બધી રાજકીય, વહીવટી, લશ્કરી તેમજ ધાર્મિક નેતાગીરીને મારી નાખી છે. અમેરિકાએ પોતાનો એક લક્ષ્યાંક પૂરો કરી લીધો છે. પાંચમું કારણ ઈરાનની મિસાઈલ બનાવવાની ક્ષમતા અને તાકાત છે. યુદ્ધની બાબતોના તજજ્ઞોનું એવું માનવું છે કે ઈરાને અમેરિકા સુધી સીધો હુમલો કરી શકાય એ કક્ષાના મિસાઈલ વિકસાવી લીધા છે. અમેરિકા કોઈપણ એવા દેશનું અસ્તિત્વ ન સ્વીકારી શકે જે સીધો લશ્કરી હુમલો અમેરિકા પર કરી શકવાની તાકાત ધરાવતો હોય. અન્ય એક કારણમાં શિયા સુન્ની સંઘર્ષ પણ રહેલો છે. એવું મનાય છે કે ખડી દેશોનો સુપ્રીમ કોણ ? એવા સંઘર્ષમાં સાઉદી અરબ અને ઈરાન વચ્ચે હરીફાઈ હતી અને સાઉદી અરબે અમેરિકાને ઈરાન પર યુદ્ધ કરવા આહવાન કર્યું હોઈ શકે છે.

ઈરાને અમરિકા ઈઝરાયેલના હુમલા બાદ વળતો જવાબ આપવાનું શરુ કર્યું અને એક આત્મઘાતી પગલા રૂપે આસપાસના પાડોશી ખડી દેશોમાં આવેલા અમેરિકાના સૈન્ય ઠેકાણાઓ અને નાગરિકી જગ્યાઓ પર પણ હુમલા કરી દીધા છે. જે કોઈ વખત મુસ્લિમ બ્રધરહૂડના નામે પોતાની પડખે ઉભા રહી શકે તેમ હતા એ બધાને વિરુદ્ધમાં કરી દીધા છે. ઈસ્લામી દુનિયાની એકતાની યોજના, આયોજન અને સપના પર હાલ પુરતું પાણી ફરી વળ્યું છે. આ બંને યુદ્ધ દરમિયાન બની ગયેલા ટૂંકાગાળાના સમીકરણો છે. લાંબાગાળાના કારણો જાણવા, પારખવામાં થોડો સમય લાગશે.

ભારતે આ યુધ્ધમાં તટસ્થ વલણ લીધું છે. ભારત ઈરાનને તો કોઈ કાળે ટેકો કરી શકે નહિ. ભારત પાકિસ્તાન સંઘર્ષમાં ખામેઈનીએ હમેશા પાકિસ્તાનનો પક્ષ લીધો છે. ખામેઈનીએ ઈસ્લામિક દેશોને આહવ્‌ાન કરેલું કે આપણે બધાએ પાકિસ્તાનને મદદ કરીને કાશ્મીરને ભારતથી અલગ કરીને પાકિસ્તાનને સોંપી દેવું જોઈએ. કાશ્મીરમાંથી ધારા ૩૭૦ અને ૩૫એ હટાવવા વખતે પણ એણે કહ્યું હતું કે હિન્દુસ્તાનમાં આ પગલું મુસ્લીમોના દમન માટે થઈ રહ્યું છે. CAA વખતે પણ તેણે ભારત વિરુદ્ધનું નિવેદન આપ્યું હતું.ભારતના મુખ્ય વિપક્ષી દળ કોંગ્રેસના નેતા સોનિયા ગાંધીએ એક લેખ લખ્યો છે જેમે તેણે ખામેઈનીના નિધન બદલ શોક વ્યક્ત નહિ કરવા બદલ વડાપ્રધાનની ટીકા કરી છે. ખાડીમાં વસતા ૯૦ લાખ ભારતીયોના બદલે માત્ર ખામેઈનીના શોકની ચિંતા કોંગ્રેસને થવી રાષ્ટ્રહિતમાં તો નથી જ. ક્વિક નોટ – ભૂગોળ અને તવારીખ એ ઈતિહાસના સૂર્ય અને ચંદ્ર છે, ઈતિહાસની ડાબી અને જમણી આંખો છે. – રિચર્ડ હેક્યુલ્ટ

■ production@infiniumpharmachem.com

# તમને ક્યારેય સ્વપ્નમાં પરી દેખાય છે ?

(૧) સંગીત ખુરશી અને રાજકારણની ખુરશી વચ્ચે શું ફરક?
રક્ષિત વોરા ક્ષિતિજ (ગાંધીનગર)
સંગીત ખુરશીમાં મ્યુઝિક હોય અને રાજકારણની ખુરશીમાં લમણાંઝીક!

(૨)અગાઉના માણસો દીવાથી કામ ચલાવતા હતા. હવેના માણસોને લાઈટની શી જરૂરત છે?
માહીબેન ડણાક (અમરેલી)
દીવાથી ટીવી થોડું ચાલે?

(૩)અગાઉના પતિ પત્નિ એકબીજાનું નામ શા માટે લેતાં નહોતાં?
યોગેશભાઈ આર જોશી (હાલોલ)
અગાઉ નામ સાવ કેવા હતાં - ઉજી, દૂધી, ભૂરો, પાંચોપ!
હવે નામ કેવા છે - પિન્ટુ, ચિન્ટુ, લ્યુસી, ચાર્મીપ!

**હાસ્યાય નમઃ**

**ડો. પ્રકાશ દવે**
**૯૫૭૪૩૭૪૪૫૩**

(૪)બાળપણ અને ઘડપણ વચ્ચે શું તફાવત?
જય દવે (ભાવનગર)
બાળપણમાં ડોરેમન અને ઘડપણમાં ચોરે મન!

(૫)રામરાજ્ય અને મોદીરાજ્યમાં શું ફરક છે?
ધોરાજીયા ઘનશ્યામ એન. (સાજણટીંબા)
ત્યારે દુશ્મનો દેશના દક્ષિણ ભાગમાં હતા.

(૬) શું તમારા ગામમાં હોળી થાય છે ?
ધોરાજીયા કેવિન ઘનશ્યામ સાજણટીંબા (કેનેડા)
ના, હોળી પ્રગટે છે.

(૭)નાથાલાલને નાણાં વગનો નાથીયો કેમ કહેવાય?
ધોરાજીયા ચંદ્રકાન્ત એન. (સાજણટીંબા)
નાથાચંદ્ર સારું ન લાગે.

(૮)કશું ન થવાનું થાય ત્યારે આપણે ભારે કરી એમ કહીએ છીએ તો કશું થવાનું થાય ત્યારે શું કહેવાય?
ઉન્નતિ મહેતા (રાજકોટ)
હળવી કરી.

(૯) પત્ની પાણીપુરી લેવા મોકલે ત્યારે તો તેને છીંક આવે તોયે રોકી લે છે. બચવાનો બીજો કોઈ ઉપાય ?
કનુભાઈ પરમાર (દામનગર)
શેરીમાં દસબાર બિલાડીઓ પાળો અને એને આડી ઉતરવાની તાલીમ આપો.

(૧૦) બગાસાં બંધ કરવાનો ઉપાય?
દર્શન પટેલ (વડોદરા)
એકાદ બગાસું પત્નિ સામે ખાઓ.

(૧૧)હોળી કેમ થતી હશે?
કટારિયા અમિત વિનુભાઈ (કીડી)
બીજે દિવસે ધૂળેટી કરવી હોય એટલે.

(૧૨)તમારી આ કોલમમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સવાલ પૂછે તો એનો જવાબ શું આપશો?
રાજુ એન. જોષી (ધરાઈ બાલમુકુંદ)
પેલા મોદીસાહેબને તો પૂછો કે એ સવાલ કયો પૂછશે?!

(૧૩)તમને ક્યારેય સ્વપ્નમાં પરી દેખાય છે?
જયશ્રીબેન બી. મહેતા (કોટડાપીઠા)
હા, વારેવારે દેખાય છે. પણ એ એકલી આવતી નથી, એની પાછળ 'ક્ષા'ને પણ લેતી આવે છે.

(૧૪)મમ્મીનાં કાકાના ભત્રીજાની પત્નિનાં ભાઈને શું કહેવાય?
ધવલભાઈ પાનવાળા (રાજકોટ)
આવી ગૂંચ કરીકરી ને જ આપણે પોતાનાને પારકા બનાવી દીધા છે.

(૧૫)આજે સાહેબ હું નવરાશની પળમાં વિચારતો હતો કે આ આવડો મોટા દરિયાનુ ખોદકામ કરતા નીકળેલી માટી ક્યાં રાખી હશે?
ધોળકિયા પ્રવિણભાઈ લાલજીભાઈ (અમરાપરા)
જ્યાંથી પાણી લીધું ત્યાં. ■

**નોંધ.. આપના હાસ્યરસિક પ્રશ્નો આપના અને ગામનાં નામ સાથે વોટ્સએપ નં. ૯૫૭૪૩૭૪૪૫૩ પર મોકલો..**

# સુખની ટાઢક લેવા ટાણે કંઠે વળગે કાં ઓસડિયા ?

સપ્તરંગ
દિલીપ ભટ્ટાચાર્ય



આ વખતે શિયાળો સાવ નવા રંગનો હતો. હતો અને ન હતો. થોડીક જ રાત્રિઓ ઠંડી હતી. હવે વસંતઋતુ નજીક આવી ગઈ. ભય અનેક પ્રકારના છે. એની વચ્ચે અભય થઈને રહેવું એ મહાપુરુષોનું કામ છે. આરોગ્યની બાબતમાં ભલભલા ભૂ પીતા જોવા મળે છે. ગુજરાતીઓની જીભ સદાય વિવિધ સ્વાદ-આસ્વાદ તરફ ઢળતી રહે છે. જમ્યા પછી પણ જમી શકે છે. રસ્તામાં કોઈ સાદ કરે કે એ.... હાલો ભજિયા ખાવા... તો કહે કે હાલો... આ આવ્યા - એનું નામ ગુજરાતી. પછી જ્યારે ઘરમાં દીકરાની વહુ આવવાની થાય ત્યારે રોજની ચાર-પાંચ ટિકડી ચાલુ થઈ ગઈ હોય. વહુ પછી પિયર જઈને વાતો કરે કે મારા સસરાને તો સાવ મોળી રસોઈ જોઈએ. કોઈ દિ‘ ફરસાણ નો ખાય. કેરીનો રસ પણ ચમચી જ ચાખે. સુખ લેવાની અને હૈયે ટાઢક વાળવાની ઉંમરે પહોંચતા સુધીમાં તો મોટાભાગના ગુજરાતીઓનું આરોગ્ય છાપરે તડકે મૂકાઈ ગયું હોય. જિંદગી બહુ જ ટૂંકી સફર છે. જાણે કે પલ દો પલ કા સાથ ! વળી આ તો કળજુગના વરસો છે એટલે એને પોણિયા વરહ ગણવાના. આમ એક દિવાળી આવે ને કંઈ વિચાર કરો ન્યાં લગણમાં તો હડી કાઢતી બીજી દિવાળી આવી જાય.

જિંદગી લોકો માને છે એના કરતા બહુ ટૂંકી હોય છે. કેટલાકને સંતાનોને બદલે સંપત્તિ વહાલી હોય તો કોઈને ઘરના મીઠા રોટલા પડતા મેલીને બહારની મિજબાનીમાં રસ હોય. પણ છેલ્લી ઘડીએ બધી ભાન થાય છે. હાથપગ હાલતા બંધ થાય તંયે નજર સામે આખી જિંદગીની ફિલમ દેખાય છે. ને ત્યારે જિંદગી હાથમાંથી સરી ગઈ હોય છે. આપણા દેશમાં સૌથી વધુ બેદરકારી આહાર પરત્વેની છે. દુનિયાના તમામ દેશોની આહાર- વિહાર પરંપરાઓ સામે આરોગ્ય ક્ષેત્રના સંશોધકો અને વૈજ્ઞાનિકોએ અનેકવાર ચેતવણીની ઘંટડી વગાડી છે. પણ એ લોકોની વાત આપડે ગુજરાતીઓ તો સાંભળે છે જ ક્યાં ? એમના કહેવા પ્રમાણે આપડા કરતા તો આદિવાસીઓ સારા. આપડા કરતા એટલે શહેર અને ગામડાની પ્રજાની તુલનામાં આદિવાસી અને વનવાસી પર ઓછામાં ઓછું જોખમ છે. તેમને કુદરતી હવા ઉજાસ મળે છે. તેઓ સદાય પ્રકૃતિને ખોળે રહે છે.


આ એ આદિવાસીઓ છે કે જેઓ પોતાના પ્રાચીન રીત-રિવાજો અને પરંપરાઓને વળગી રહ્યા છે. ભલે અનિચ્છાએ પણ પ્રકૃતિથી ઘેરાયેલા નાગરિકોમાં આ આફ્રિકન પ્રજા પ્રથમ ક્રમે છે. પ્રકૃતિના નિરંતર સહવાસને કારણે જ તેઓ ખૂબ શક્તિશાળી અને તંદુરસ્ત છે. આફ્રિકન પ્રજામાં પણ દરિદ્ર હોય તેવો મોટો સમુદાય છે, છતાં તેઓ ટકી શકશે કારણ કે વૈભવી ને વિલાસી જીવનથી તેઓ દૂર છે. છેલ્લા દાયકાથી આફ્રિકાની પ્રકૃતિને લૂંટનારાઓ હવે ત્યાં પહોંચ્યા છે. આ લૂંટારાઓ સ્થાનિક વનસ્પતિઓમાંથી પ્રાપ્ત દિવ્ય ઔષધિઓને વિશ્વ બજારમાં વેચીને લાખો ડોલર કમાઈ રહ્યા છે.

આફ્રિકામાં આગંતુકો કોઈક સ્થાનિક વગદાર સાથે ભાગીદાર કરીને આ લૂંટ ચલાવે છે. તો પણ આહાર વિજ્ઞાન અને પર્યાવરણના સંદર્ભમાં એ પ્રજાના અસ્તિત્વની સલામતી અધિક છે. આફ્રિકામાં કેટલાક દેશો ભૂખમરાની હાલતમાંથી પસાર થઈ રહ્યા છે, એનું કારણ પણ એ જ છે કે તેઓ સંપૂર્ણ રીતે પ્રકૃતિની વિમુખ છે. ભારતમા પ્રકૃતિ વિમુખ લોકોની ટકાવારી ઘણી ઉંચી છે, જ્યાં સુધી એ વિમુખતાના વિકરાળ પરિણામોનું વિષચક્ર શરૂ ન થાય ત્યાં સુધી સહુ પોતાની કહેવાતી પ્રગતિમાં ગુલતાન રહેવાના છે. જેટલો સમય કોરોના કે એનો ભય જીવંત રહે એટલો સમય થોડી સાવધાની રહે પછી તો હતા ત્યાં ને ત્યાં... એટલે કે એ જ ઉકરડા પાસે ઊભેલી પાણીપુરીની લારી ને એ જ દસ દિવસ પહેલા તળેલા સમોસા. કાળી કડાઈના કાળા તેલમાં તળેલા ગાંઠિયા અને કેમિકલ ઘીમાં બનેલી જલેબી.

હજુ કોરોના અને યુદ્ધ જેવા નિતનવા સંકટો તો આવતા જ રહેવાના છે. આવનારા વરસોમાં મૃત્યુદર વધવાનું એક કારણ એ છે કે કુદરતી મૃત્યુદરને ઔષધિ વિજ્ઞાનની સહાયથી માનવ જાતે અંકુશમાં રાખ્યો હતો અને મેડિકલ સાયન્સે આ દુનિયામાં કરોડો લોકોની આયુષ્ય રેખા લંબાવી આપી છે. પરંતુ નીરોગી રહેવાના આગોતરા પગલાઓ લેવામાં જે ઉપેક્ષા કરવામાં આવી રહી છે એને કારણે સરેરાશ મૃત્યુદર ઊંચે જવાનો છે. પૃથ્વીનો કુલ નવો ૧૩ ટકા ભૂભાગ સમુદ્રમાં સમાઈ જવાનો છે જેને બહુ થોડા વરસોની વાર છે. જે રીતે ગ્લોબલ વૉર્મિંગને રોકવા માટે પેરિસ કરાર જેવી વાર્તાઓ થતી રહે છે અને થવાની છે પરંતુ એનો અમલ થતો નથી, એને કારણે પ્રચંડ વેગથી આ દુનિયા હવે એક નવા સંકટ તરફ ધસમસતી આગળ વધી રહી છે, જેમાં પણ આકસ્મિક કારણોસર લાખો નાગરિકો અકારણ મોતના મુખમાં હોમાઈ જવાના છે. કારણ કે સામાન્ય નાગરિકોને તો એક ઝાડ વાવવામાં પણ રસ નથી. સહુને કેરી ખાવી છે, કોઈને આંબો વાવવો નથી.

માણસ ક્યાં ખોવાયો છે એની એને જ ખબર નથી. કરવાના કામ પડ્યા રહે છે અને માણસ ક્યાંક ખોટા ઉંબરે ને ખોટા ઓટલે ઠેબા ખાતો ફરે છે. એનો જ ધડો ન હોય એમાં એ પૃથ્વીની શું સંભાળ લે ? સાવ અકારણ તો નહિ, કારણ કે ઔદ્યોગિક ક્રાન્તિના જમાનાથી બહુસંખ્ય લોકોએ પૃથ્વીની હાલત તરફ જોયું જ નથી. આજની સુખાકારીની લાલચમાં મનુષ્યે ભવિષ્ય માટેના હિમાલયન પ્રશ્નાર્થો ઉભા કરી દીધા છે. અંગારવાયુના ઉત્સર્જનના કારણે ઉત્તર ભારતની સ્થિતિ કલુષિત થઈ ગઈ છે. ગુજરાતના શહેરોમાં એની અસર હવે દેખાય છે. શિયાળામાં જેઓ દિલ્હી એરપોર્ટ પર ઉતરે છે તેમને દેશના આ પાટનગરમાં પ્રવેશતી વેળાએ હવે જીવલેણ અનુભવો થવા લાગ્યા છે. હવા જ જો હવા ન હોય તો જીવ માત્ર શું કરે ? ■

# બસમાંથી ઊતરીને ઘર ભણી ચાલતી થયેલી રૂપાને આનંદ શેરીમાં સામો મળ્યો



## રાગ - વૈરાગ - ૧૩

લઘુનવલકથા
યોગેશ પંડયા

ત્રીજે દિવસે એ જ બસમાંથી રૂપા ઊતરી ત્યારે આનંદને લાગ્યું કે ચાંદ ધરતી ઉપર ઉતરી આવ્યો છે કે શું?!

આટલા દિવસ સુધી રહેલા હૈયાના સૂનાં બગીચામાં રૂપા નામની કોયલે આવીને એ બગીચાને પોતાના સૂરીલા ટહુકારથી ભર્યો ભર્યો કરી દીધો છે..!

રૂપાના વસ્ત્રોમાંથી આજે આવી રહેલી કોઈ મીઠી મીઠી સુગંધે તેના અંતર તલ ને બાગ બાગ કરી દીધું હતું!

★★

બસમાંથી ઊતરીને ઘર ભણી ચાલતી થયેલી રૂપાને આનંદ શેરીમાં સામો મળ્યો , ત્યારે રૂપાએ તેની સામે જાણે કંઈક આછાં ગુસ્સા થી જોયું. શુક્રતારક જેવી બે આંખો આનંદ સામે મંડાઈ કે આનંદ નું હૃદય જાણે ધબકાર ચૂકી ગયું.એ આંખોમાં જ સ્તો પોતે ડૂબ્યો હતો ને? એ મારકણી આંખોમાંથી પાંપણ ના કાંઠા તોડીને જાણે છાલક ઉડી અને આનંદ ભીંજાયા વગરનો રહ્યો નહીં. વંકાયેલા રૂપાના હોઠ જાણે હમણાં બોલ્યા કે બોલશે એવી આશા જો કે ફળી નહીં.પણ ચાંદ જેવા રૂપાળા મુખડા ના ઘણાય દિવસો પછી દર્શન થયાં એટલે આનંદ જાણે તૃપ્તતૃપ્ત થઈ ગયો. જો કે બેમાંથી કોઈ કંઈ બોલી શક્યું નહીં. કારણ કે રૂપાની પાછળ આવી રહેલું કોઈ જણ કોઈ રૂપાને મૂકવા આવનાર હતું. તેના મામા હોઈ શકે, આનંદે વિચાર્યું. છતાંય બન્નેને લાગ્યું કે નજરથી નજર મળી ને એ ચાર નજરું એ ઘણી બધી વાતો કરી લીધી છે.!. ઘડીક રોકાઈને એના મામા વળી નીકળ્યા.

આનંદે તે દિવસે ઘરે આવીને જોયું. રૂપા અઠવાડિયામાં બદલાઈ ગઈ હતી..! તેના હાવભાવ,વાણી,વર્તનમાં કંઈક નોખો જ બદલાવ હતો. તેનો વાન વન વગડામાં ખીલી ઉઠેલા ખાખરા જેવો ખીલ્યો હતો. ચહેરા ઉપર શરમ લિપાઈ હતી. હોઠ વારે ઘડીએ હસુ હસુ થતા હતા પણ કશું બોલતા નહીં. આનંદ પ્રતિક્ષામાં હતો કે રૂપા કંઈક બોલે. પણ રૂપા સહેતુક મૌન હતી. કેમ કે, બંનેમાંથી પહેલા બોલાવવાની પહેલ આનંદ કરે તેમ તે ઈચ્છતી હતી. પણ આનંદને એવી બધી બાબતોની એની ખબર પડતી નથી.આનંદને લાગ્યું કે રૂપાને મોસાળમાં ખૂબ ગમી ગયું હશે. પણ પછી તે રહી શક્યો નહીં. બે દિવસ પછી જમતા જમતાં તે સહજ ભાવે જ બોલી ઊઠ્યો,, ‘હાશ, બહુ મજા આવી ગઈ જમવાની.’

‘કેમ એમ બોલ્યા?’

‘અહીં જે જમવાની મજા છે તે ગમે ત્યાં હું જાઉં તો પણ ન આવે.’

‘કેમ? ક્યાંય જવાનું છે?’

‘તને પૂછ્યા વગર નીકળું?’

‘ બસ , હવે હોં! ખોટેખોટું માખણ લગાડો મા ! જ્યારે જાવ છો ત્યારે તો મોઢામાં મગ ભર્યા હોય છે! ત્યારે તો કાઈ બોલતા નથી અને અત્યારે સારું લગાડો છો? ’

‘અરે,અરે પણ..’

‘ત્યારે શું? ઘરે ગયા ત્યારે પાછું વળીને બે વેણેય બોલ્યા‘તા કે હું જાઉં છું?..’બોલીને રૂપા આનંદ સામે ઠપકાભરી નજરે તાકી રહી.એ નજરમાં પ્રેમ પણ હતો અને પીડા પણ હતી.

‘તારાથી છુટ્ટા પડ્યાની વેળા ઘણું ઘણું બોલવું હતું, તને કહેવું હતું પણ હું એક શબ્દેય જો બોલી શક્યો હોઉ તો મારા સમ છે, પણ તને ખોટું લાગી ગયું?’

‘તમારા દિલને પૂછો,જવાબ મળી જશે..’

‘ભૂલ મારી છે. માફ કરી દઈશને તું?’

‘સાવ પોચા આદમી છો તમે?‘ રૂપા નજીક આવી. તેના શરીરમાંથી આવતી એક સુગંધે તેને વિચલિત કરી દીધો.અને તેને સાવ અડોઅડ અનુભવીને આનંદ બોલી ઊઠ્યો. ‘તું જેવો ધારે તેવો જ છું, સાવ પોચો .સાવ કોમળ..!!પણ સાચું કહું? તારા વગર દિવસો કેમ કાઢ્યા છે એ મારું મન જાણે છે.’ કહેતાં આનંદે તેનો હાથ પોતાના હાથમાં લઈ લીધો.

‘ બસ હવે,પહેલા જમી લ્યો..પછી બધી વાત!’ રૂપાએ પોતાનો હાથ પાછો ખેંચી લેતા કહ્યું.આનંદે જમવાનું પૂરું કર્યું અને પછી બોલ્યો, ‘મને હવે વાર પરબમાં ક્યાંય મજા નથી આવતી.’

‘મને તો બહુ મજા આવી ગઈ.’’

‘હં...એટલે ટામેટા જેવી થઈ ગઈ છો. મામાના ઘરે દૂધ - ઘી સરખાઈ ના ઝાપટ્યાં લાગે છે.’

‘અમે બધાં ફિલમ જોવાય ગયાં‘તાં.’

‘હોય નહીં. કેવી‘ ક ફિલ્લમ હતી?’

‘અરે, મજા આવી. ક્યારેક ક્યારેક ફિલ્લમ જોવા જવાનું હોય તો કેવું સારું.?’

આનંદ રૂપાની વાતો સાંભળતો રહ્યો. પછી કંઈક યાદ આવ્યું હોય એમ બોલી ઊઠ્યો, ‘એક વાત કહું તો તને ગમશે?’

‘શું?’

‘‘તારા માટે થોડીક વસ્તુ લાવ્યો છું.’

‘શું વળી?’ તેણે ભ્રમર નચાવતાં કહ્યું.

‘ચાલ બતાવું.’

રૂપા ચણિયો પકડી ચોટલો ઝુલાવતી મેડે ચડી. આનંદે બેગ ખોલી. એક નાનકડું બોક્સ કાઢ્યું અને એમાંથી નેઈલ પોલિશની શીશી, ચાંદલા, કાચનાં કંગન અને એક ગોલ્ડન પ્લેટેડ ચેઈન અને બુટ્ટી કાઢીને રૂપાની હથેળીમાં મૂકતાં બોલી ઊઠ્યો, ‘હોંશથી આ બધું હું મારી જાતે, તારા માટે લાવ્યો છું, પણ હવે લાગે છે કે કંકુબહેનને ખોટું તો નહીં લાગેને?’

‘ખોટું તો નહીં લાગે, પણ આટલો બધો ખર્ચો કેમ કર્યો?’

‘બસ, એમ જ! હું તારે માટે કંઈ લાવી ન શકું?‘ આનંદે લાગણીમાં પૂછી નાખ્યું.

રૂપા આનંદની નિર્દોષ આંખોને તાકી રહી અને પછી એ નિર્દોષ અને પારદર્શક આંખોની ભાવુક્તામાં ખોવાઈ ગઈ..

‘તને ગમ્યું તો ખરુંને? આનંદ પૂછતો હતો. રૂપાને થયું કે શું કહું આ ભલા માણસને? તેણે આભારવશ થઈ આંખો ઢાળી દીધી.

‘તને ગમ્યું? એ તો કહે.‘ આનંદે બીજી વાર પૂછ્યું. ત્યારે એ બોલી, ‘હા, ગમ્યું.’

‘મારા સમ?‘ આનંદે એનું કાંડું પકડી લીધું, પણ એ પહેલાં તો રૂપાએ પોતાની નાજુક હથેળી આનંદના હોઠ ઉપર મૂકી દેતાં લગભગ આછા ગુસ્સાથી ધ્રુજતા સ્વરે બોલી ઊઠી, ‘હવે પછી તમારા સમ ખાધા છેને તો તમનેય મારા સમ છે.!! વાત વાતમાં શું આવી ટેવ પડી ગઈ છે કે મારા સમ મારા સમ..મારા સમ..??!’ બોલતી બોલતી એ મેડાની નીચે ઊતરી ગઈ. આનંદ તેની ગોરી ગોરી પીઠને તાકી રહ્યો.

(ક્રમશઃ) ■

# બિયર આમ ન પીવાય, ભાભી થોડો મોટો ઘૂંટડો ભરો....



## રાખનાં રમકડાં

ધારાવાહી નવલકથા
અમૃત પરમાર

‘‘જો.... એમ ન ચાલે હોં. મેં તારા માટે તો આ બધું ખાવાનું બનાવ્યું છે. અને આવું ગરમ પીણું પીધા પછી થોડું ખાવું તો પડે જ. સાવ ભૂખ્યા પેટે પથારીમાં ન પડાય... સમજ્યો ? ’’

‘‘પણ... ભાભી ! ’’

‘‘ભાભી.... ભાભી ન કર. જો તારા હાથ કામ ન કરતા હોય તો લાવ.... હું તારી થાળીમાં બધું પીરસી દઈ પછી મારા હાથે ખવરાવીશ, બસ.... ’’

મહેશ કશું બોલ્યો નહીં, ચૂપ જ રહ્યો. તેણે ફક્ત તેનું ડોકું હકારમાં ધુણાવ્યું.

શાંતુએ મહેશની થાળીમાં થોડી ખીચડી, સેવ - ટામેટાનું શાક અને કડક ભાખરી મૂકી પછી બોલી :

‘‘ચાલ, હવે તો ખાવા માંડ, એમ ને એમ બેસી ન રહેવાય...’’

બિયરનો નશો મહેશને સારો એવો ચડયો હતો. આમેય પહેલીવાર જ પીવાથી નશો ખૂબ વધારે ચડે. એટલે તો તેની જીભ પણ હવે લોચા વાળવા લાગી હતી. છતાંપણ તે હસતો તો રહેતો જ હતો. મહેશની આવી હાલત, આવી સ્થિતિ જોતા શાંતુનું હૈયું તો ખૂબ જ હરખાઇ ગયું હતું. તેને તો અતિ આનંદ આવી રહ્યો હતો. કદાચ આજની રાત તેના માટે ખૂબ કિંમતી હતી.

મહેશે બે - ચાર કોળિયા માંડ માંડ ખાધા હશે ત્યાં ને તે બોલ્યો : ‘‘બસ ભાભી...! હવે મારાથી વધારે નહીં ખવાય...’’

‘‘તો હવે તારે શું કરવું છે ? ’’ શાંતુએ એમ જ પૂછયું.

‘‘કંઇ નહીં, હું શું કરૂં ? હવે હું મારા રૂમમાં જઇ પથારીમાં લાંબો થઇશ.’’

‘‘કેમ... તારા રૂમમાં ? તને તો ખબર છે કે આજે દામલ અહી છે નહીં, તું તારા રૂમમાં જા તો પછી મને એકલીને અહી ડર ન લાગે...?’’

‘‘તો એમાં હું શું કરૂં ?’’

‘‘તારે કંઇ કરવાનું નથી બસ, ચાલ.... મારી સાથે ચાલ, મારા બેડરૂમમાં જ આજે તું આરામ કરજે, ઊંઘી જજે....’’

‘‘તમારા બેડરૂમમાં ? ’’

‘‘હા, મારા બેડરૂમમાં.... એમાં શું થયું ? તને ડર લાગે છે ? દિયર - ભાભી એક રૂમમાં સાથે રહી ન શકે..?’’

‘‘તમે શું બોલો છો એ હવે હું સાચે જ કંઇ સમજી નથી શકતો, ભાભી ! મને અત્યારે કંઇ જ ખબર નથી પડતી. તમે જેમ કહો તેમ હું બધું જ કરવા તૈયાર હું હુકમ કરો ભાભી....’’

ને પછી શાંતુએ મહેશનો એક હાથ પકડયો. તેની સાથે સાથે ધીરે ધીરે ચાલીને તે તેના બેડરૂમમાં મહેશને લઇ ગઇ. પછી મખમલી એવા વિશાળ પલંગમાં સાવ ધીમે રહીને મહેશને બેસાડી દીધો.

નશામાં પલંગ પર આડા પડયા પછી શું થયું તેની કશી જ યાદ મહેશને રહી નહીં. પરંતુ એ તો સત્ય હકકીત હતી કે શાંતુને જે કામ માટે મહેશની જરૂર હતી તે કામ ને તેણે આનંદ રહીને પૂણપણે પાર પાડી લીધું હતું.

સવારમાં સાડા - આઠ વાગે જયારે મહેશ જાગ્યો ત્યારે તેની હાલત ખૂબજ ખરાબ અવસ્થામાં હતી પોતે હજી પણ નિર્વસ્ત્ર અવસ્થામાં પથારીમાં પડયો હતો વળી તેનું આખુંયે શરીર જરાપણ સાથ આપતું ન હતુ. અંગ અંગ અને બધાજ સ્નાયુઓ રબ્બર જેવા થઇ ગયા હતા. હાડકે હાડકું જાણે દર્દથી ઉતરાઇ રહ્યું હતું.

હા, તેને એટલું તો યાદ હતું કે, સૂતા પહેલાં તેણે વધારે પડતું બિયર પીધું હતું, બસ, આ સિવાય... પછી શું થયું અને આવું બધું કેમ થયું તેનો તેને ખ્યાલ હતો જ નહીં.

ભાભીના બેડરૂમમાં પલંગ પર આડા પડયા પછી શું થયું હશે તેની તેને રજ માત્ર પણ યાદ ન આવી. ખૂબ ખૂબ યાદ કર્યું છતાં કશુ યાદ ન જ આવ્યું જે પળ અંગે તેને ખૂબ જ ઉત્સાહ હતો, ખૂબ જ આગ હતો... તે કિંમતી પળ આવી શકે કે કેમ ? તેની પણ તેને કયાં કંઇ ખબર હતી...?

તો પણ મહેશ એટલું તો સમજી ચૂકયો હતો કે તેના પોતાના શરીર સાથે કંઇક અઘટીત તો થયું જ હતું. કારણ કે તેને તેના શરીરે જ આવી ફરિયાદ કરી દીધી હતી. તેના શરીરમાંથી બધો જ કિંમતી રસ અથવા તો બધું ગરમ ગરમ લોહી કોઇએ ચૂસી લીધું હોય તેમ તેને લાગ્યું.

એ જાગ્યો તયારે તેના શરીર પર એકેય વસ્ત્ર ન હતું. આમ - તેમ જોતા બેડરૂમમાં પણ કોઇ દેખાયું નહીં. એટલે ગભરાતા ગભરાતા તે બેઠો થયો ને થોડે છેટે પડેલો પોતાનો નાઇટ ડ્રેસ ઝડપથી પહેરી લીધો. હવે શું કરવું...?

(ક્રમશઃ) ■

.આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ પ્રા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.

# ઈલેક્ટ્રિસિટી (એમેન્ડમેન્ટ) બિલ વિરોધમાં ૧૦ માર્ચે ૨૭ લાખ વીજ કર્મચારીઓનો દેશવ્યાપી કાર્યબહિષ્કાર

અમરેલી,તા.૦૭

કેન્દ્ર સરકાર દ્વારા આગામી ૧૦ માર્ચ ૨૦૨૬ના રોજ સંસદમાં ઈલેક્ટ્રિસિટી (એમેન્ડમેન્ટ) બિલ ૨૦૨૫ રજૂ કરવાની યોજનાના વિરોધમાં દેશભરના વીજ કર્મચારીઓ અને એન્જિનિયરોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. નેશનલ કોઓર્ડિનેશન કમિટી ઓફ ઈલેક્ટ્રિસિટી એમ્પ્લોઈઝ એન્ડ એન્જિનિયર્સ (NCCOEEE) ના આહવાન પર દેશના અંદાજે ૨૭ લાખ વીજ કર્મચારીઓ આ દિવસે કાર્યબહિષ્કાર કરી રસ્તા પર ઉતરી દેશવ્યાપી વિરોધ પ્રદર્શન કરશે.

ઓલ ઈન્ડિયા પાવર એન્જિનિયર્સ ફેડરેશનના ચેરમેન શૈલેન્દ્ર દુબેની અધ્યક્ષતામાં મળેલી ઓનલાઈન બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. સંગઠનોનો આક્ષેપ છે કે આ બિલ ખેડૂત, ગ્રાહક અને કર્મચારી વિરોધી છે. અગાઉ હિતધારકો પાસેથી મંગાવવામાં આવેલા સૂચનોને જાહેર કર્યા વિના જ ૩૦ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ એક વર્કિંગ ગ્રુપની રચના કરવામાં આવી છે, જેમાં ખાનગીકરણનું સમર્થન કરતા 'ઓલ ઈન્ડિયા ડિસ્કોમ એસોસિએશન' ને સામેલ કરવામાં આવતા આ પ્રક્રિયાને પક્ષપાતી અને ગેરબંધારણીય ગણાવવામાં આવી છે. ૯ માર્ચે દિલ્હીમાં સાંસદો સાથે બેઠક યોજી આ બિલની ગંભીર અસરો વિશે પણ જાણ કરવામાં આવશે.

મહત્વનું છે કે, આ વિરોધ પ્રદર્શન દરમિયાન ગુજરાતભરમાં વીજ સપ્લાયમાં કોઈપણ પ્રકારનો વિક્ષેપ પાડવામાં આવશે નહીં તેની ખાતરી આપવામાં આવી છે. જોકે, ખાનગીકરણ તરફના પગલાં સામે આગામી દિવસોમાં ઉગ્ર આંદોલન કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

**ગુજરાતમાં વિરોધની અસર**

ગુજરાત ઉર્જા સંયુક્ત સંકલન સમિતિના નેજા હેઠળ રાજ્યના ૭,૦૦૦ ઈજનેરો અને ૪૦,૦૦૦ વીજ કર્મચારીઓ પણ આ આંદોલનમાં જોડાશે. અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘ (AGVKS) ના સિનિયર સેક્રેટરી જનરલ બળદેવભાઈ પટેલ અને GEBEA ના સેક્રેટરી જનરલ એચ. જી. વઘાસિયાના જણાવ્યા અનુસાર, જો બિલ ૧૦ માર્ચે સવારના સત્રમાં રજૂ થશે તો બપોરે ૦૨:૦૦ થી ૦૨:૩૦ (લંચ સમય) દરમિયાન અને જો બપોર પછી રજૂ થશે તો સાંજે ૦૬:૩૦ કલાકે દરેક મુખ્ય ઓફિસ પાસે પ્રદર્શન કરવામાં આવશે.

# રાજકોટ ડીડીઓનો પરિપત્ર : શાળાની આસપાસ તમાકુનું વેચાણ થતુ હશે તો આચાર્ય જવાબદાર




રાજ કોટ,તા.૦૭

રાજકોટ જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ દ્વારા શાળાઓની આસપાસ તમાકુના વેચાણ પર રોક લગાવવા માટે એક પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે જે હાલ વિવાદનું કેન્દ્ર બન્યો છે. આ પરિપત્રમાં એવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે જો શાળાની ત્રિજ્યામાં તમાકુનું વેચાણ થતું ઝડપાશે તો તેની સીધી જવાબદારી શાળાના આચાર્યની રહેશે. તંત્રનો તર્ક છે કે વડીલો દ્વારા વિદ્યાર્થીઓ પાસે તમાકુ મંગાવવામાં આવતા બાળકોના માનસ પર નકારાત્મક અસર પડે છે અને તેઓ નાની ઉંમરે વ્યસન તરફ વળે છે. જોકે આ નિયમ સામે શિક્ષક સંગઠનોએ આક્રમક વલણ અપનાવ્યું છે. શિક્ષકોનું કહેવું છે કે શાળાની બહારની દુકાનો પર નિયંત્રણ રાખવું એ પોલીસ અને વહીવટી તંત્રનું કામ છે નહીં કે આચાર્યનું. જો આ વિવાદાસ્પદ પરિપત્ર તાત્કાલિક અસરથી રદ કરવામાં નહીં આવે તો જિલ્લાના અંદાજે ચાર હજાર જેટલા શિક્ષકોએ આંદોલન કરવાની ચીમકી આપી છે.

# રાજકોટ કોંગ્રેસને ઝટકો : ઈન્દ્રનીલ રાજ્યગુરૂએ રાજકીય નિવૃત્તિ લીધી



રાજકોટ, તા.૦૭

રાજકોટ કોંગ્રેસના કદાવર નેતા ઈન્દ્રનીલ રાજ્યગુરુએ અચાનક રાજકીય નિવૃત્તિ જાહેર કરતા ગુજરાતના રાજકારણમાં ખળભળાટ મચી ગયો છે. રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટણી ટાણે જ આ નિર્ણય આવતા કોંગ્રેસ માટે કપરા ચઢાણ સર્જાયા છે. તેમણે સ્પષ્ટ કર્યું છે કે તેઓ હવે કોઈ પણ રાજકીય કે સામાજિક કાર્યક્રમોમાં હાજરી આપશે નહીં, જોકે પક્ષને જરૂર પડ્યે માનસિક અને આર્થિક ટેકો આપતા રહેશે. વિજય રૂપાણી સામે ચૂંટણી લડીને ચર્ચામાં આવેલા રાજ્યગુરુની વિદાયથી ભાજપ સામેનો મોરચો નબળો પડવાની શક્યતા છે.

# ઓડિશાના પારાદીપ ખાતે ઈફકોના એસિડ પ્લાન્ટનો અમિત શાહે કરાવ્યો શુભારંભ






અમરેલી, તા.૦૭

ઓડિશાના પારાદીપ ખાતે કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહ દ્વારા ઈફકો (IFFCO) ના સલ્ફ્યુરિક એસિડ પ્લાન્ટનો વિધિવત શુભારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે કાર્યક્રમને સંબોધતા અમિત શાહે જણાવ્યું હતું કે, આજે લોકાર્પિત થયેલો આ પ્લાન્ટ સલ્ફ્યુરિક એસિડ ક્ષેત્રમાં ભારતને આત્મનિર્ભર બનાવવામાં અત્યંત મહત્વપૂર્ણ સાબિત થશે. ઓડિશાના મુખ્યમંત્રી મોહન ચરણ માઝીએ આ નવા સંયત્રને રાજ્યના ઔદ્યોગિક વિકાસને નવી ગતિ આપનારુ ગણાવ્યું હતું. ઈફકોના અધ્યક્ષ દિલીપભાઈ સંઘાણીએ સ્વાગત પ્રવચનમાં ગૌરવ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, ઈફકો પારાદીપમાં વિશ્વનો સૌથી મોટો સિંગલ રીએક્ટર ફોસ્ફોરિક એસિડ પ્લાન્ટ સ્થાપિત છે, જે સંસ્થાની ટેકનિકલ ક્ષમતા અને ઉત્તમ વ્યવસ્થાપનનું પ્રતીક છે. તેમણે વધુમાં ઉમેર્યું કે, પ્રથમ વખત કોઈ ખાનગી સત્રનું અધિગ્રહણ કરી એક સહકારી સંસ્થાએ તેને ભારતનું શ્રેષ્ઠ સંયત્ર બનાવ્યું છે, જે સહકારિતાની શક્તિ અને ઈફકોની દૂરદર્શિતાનું ઉત્તમ ઉદાહરણ છે.

આ ઐતિહાસિક પ્રસંગે કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન, ઓડિશાના રાજ્ય મંત્રી સંપદ ચંદ્ર સ્વાઈ, સાંસદ બિભૂ પ્રસાદ તરાઈ, ઈફકોના ઉપાધ્યક્ષ બલવીર સિંહ, પ્રબંધ નિયામક કે. જે. પટેલ તેમજ ઈફકોના નિર્દેશક મંડળના તમામ સભ્યો અને અન્ય ગણમાન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ઈફકો પારાદીપના ઈતિહાસમાં પ્રથમ વખત કોઈ કેન્દ્રીય મંત્રીએ સત્રની મુલાકાત લીધી હોવાનું પણ આ તકે નોંધવામાં આવ્યું હતું. વર્ષ ૨૦૨૨માં ઓડિશાની પ્રથમ 'રીવરાઈન જેટી' સ્થાપિત કરી પરિવહન વ્યવસ્થાને સરળ બનાવનાર ઈફકો, ખેડૂતોની સમૃદ્ધિ અને દેશની પ્રગતિ માટે સતત પ્રતિબદ્ધ હોવાનું અગ્રણીઓએ જણાવ્યું હતું.

# ઉમરાળા તાલુકાના જાળીયા ગામે બુલેટ ડિવાઈડર સાથે અથડાતા બે મિત્રના મોત




ઉમરાળા,તા.૦૭

ઉમરાળા તાલુકાના જાળીયા ગામ પાસે ૬ માર્ચની મોડી રાત્રે એક હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો હતો.

લીમડા ગામથી પરત ફરી રહેલા ત્રણ મિત્રો સવાર હતા તે બુલેટના ચાલક સદામખાન પઠાણે શ્રીજી વોટર પાર્ક પાસે સ્ટેયરિંગ પરનો કાબૂ ગુમાવતા મોટરસાઈકલ જોરભેર રોડના ડિવાઈડર સાથે અથડાયું હતું. આ પ્રચંડ ટક્કરને કારણે બુલેટ પર સવાર ત્રણેય યુવાનો રોડ પર ફંગોળાયા હતા. આ ગંભીર દુર્ઘટનામાં કમલેશ ડાભી અને સદામખાન પઠાણ નામના બે યુવાનોના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યા હતા. જ્યારે અન્ય એક મિત્ર સંજયભાઈ ઉર્ફે હકો સોલંકી ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા તેને વધુ સારવાર અર્થે અમરેલીની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. આ બનાવ અંગે મૃતક કમલેશના ભાઈ રવિ ડાભીએ ઉમરાળા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગોંડલ શહેરમાં હિંસક હુમલો અને તોડફોડના કારણે ભયનું વાતાવરણ સર્જાયું



ગોંડલ, તા.૦૭

ગોંડલ શહેરમાં ગત રાત્રે મારામારીની એક ઘટના બની હતી. ધોકા સાથે આવેલા શખ્સોએ જાહેરમાં આતંક મચાવ્યો હતો, જેમાં બે યુવકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે, જેના આધારે પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. ગોંડલના હાર્દ સમાન કૈલાસ કોમ્પ્લેક્સ વિસ્તારમાં ગઈકાલે રાત્રે આશરે ૯:૩૦ વાગ્યે અચાનક અફરાતફરી મચી ગઈ હતી. વિનાયક મોબાઈલ પાસે ૨ થી ૩ જેટલા અજાણ્યા શખ્સોએ ધોકા સાથે ગૌરવ ભરતભાઈ જોષી નામના યુવક પર હુમલો કર્યો હતો. આ દરમિયાન વચ્ચે છોડાવવા પડેલા હરદીપ ચંદ્રકાંતભાઈ માંડલીયા નામના યુવકને પણ આરોપીઓએ બેરહેમીથી માર માર્યો હતો. હુમલાખોરોએ માત્ર યુવકોને જ નહીં, પરંતુ ત્યાં પાર્ક કરેલા ગૌરવભાઈના બુલેટમાં પણ તોડફોડ કરી નુકસાન પહોંચાડ્યું હતું. ઈજાગ્રસ્ત બંને યુવકોને તાત્કાલિક લોહીલુહાણ હાલતમાં ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ગોંડલની વાડોદરિયા હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે, સૂત્રો અને પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે, નાની બજારમાં આવેલી એક દુકાન ખાલી કરાવવા બાબતે ચાલી રહેલી માથાકૂટ આ હિંસક હુમલાનું કારણ બની છે.

# ઉનાના ખત્રીવાડા ગામે વિકાસના પંથે લાખો રૂપિયાના ખર્ચે વિવિધ વિકાસ કામો કરવામાં આવ્યા



તસવીર : કૈલાશ ભટ્ટ

ઉના, તા.૦૭

ઉના તાલુકાના છેવાડાનું નાનું એવું ગામ ખત્રીવાડા લાખો રૂપિયાની સરકારી ગ્રાન્ટ દ્વારા વિકાસના પંથે છે.

ખત્રીવાડા ગામના સરપંચ તથા ગ્રામ પંચાયત દ્વારા ખત્રીવાડા ગામની જનતાની સુખાકારી માટે એક જ વર્ષમા લાખો રૂપિયાની સરકાર માંથી ગ્રાન્ટ લઈ આવી જેમાં ગામને જરૂરી કામો જેવા કે ગટર, પેવર બ્લોક, CC રોડ, લાયબ્રેરી, સ્મશાનમાં કમ્પાઉન્ડ વોલ, શેડ, ચેકડેમ જેવા અનેક નાના મોટા કામ કરીને ગામ સુવિધામાં વધારો કર્યો હતો. જેથી ગ્રામજનોમાં હર્ષની લાગણી ફેલાઈ હતી.

# ધોરાજીના પાટણવાવ ખાતે ધુળેટી પર્વની ઉજવણી કરાઈ



તસવીર : નયન કુહાડીયા

ધોરાજી,તા.૦૭

ધોરાજી તાલુકાના પાટણવાવ પોલીસ સ્ટેશન ખાતે હોળી અને ધુળેટી મહોત્સવ પાટણવાવ પોલીસ સ્ટેશનના અધિકારીઓ તેમજ કર્મચારીઓ દ્વારા ખૂબ જ ભાવપૂર્વક ઉજવવામાં આવેલો હતો જે અંગે રમેશભાઈ બોદરે જણાવેલ કે પાટણવાવ પોલીસ સ્ટેશન ખાતે પોલીસ અધિકારી તેમજ પોલીસ સ્ટેશનના તમામ કર્મચારીઓ સાથે મળીને ભાઈચારો કેળવીને ધુળેટી મહોત્સવ ઉજવવામાં આવેલો હતો.

# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈ કેજરીવાલ બે દિવસ ગુજરાતના પ્રવાસે

ગાંધીનગર,તા.૦૭

ગુજરાતમાં આગામી સમયમાં યોજાનારી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓને લઈને રાજકીય માહોલ ગરમાયો છે. આમ આદમી પાર્ટીએ આ વખતે તમામ બેઠકો પર પોતાના ઉમેદવારો ઉતારવાની સત્તાવાર જાહેરાત કરીને આક્રમક મૂડ બતાવ્યો છે. પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ પણ બે દિવસ માટે ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે, જે કાર્યકર્તાઓમાં નવો ઉત્સાહ જગાવશે. પાર્ટીના નેતા મનોજ સોરઠીયાએ સ્પષ્ટ કહયુ છે કે આગામી ૧૦ માર્ચથી ઉમેદવારોની પસંદગી માટેની પ્રક્રિયા વિધિવત રીતે શરૂ કરી દેવામાં આવશે. આ પ્રક્રિયામાં માત્ર પદાધિકારીઓ જ નહીં પરંતુ સામાન્ય કાર્યકર્તાઓ અને સમર્થકોના અભિપ્રાયને પણ મહત્વ આપવામાં આવશે. જે લોકો ચૂંટણી લડવા ઈચ્છતા હોય તેઓ જિલ્લા સ્તરે યોજાનારી સ્ક્રૂટીનીમાં ભાગ લઈ શકશે. આમ આદમી પાર્ટી રાજ્યમાં ભાજપ અને કોંગ્રેસ સામે એક મજબૂત ત્રીજા વિકલ્પ તરીકે ઉભરી રહી છે. ૨૦ માર્ચ પછી તમામ બેઠકો પર મજબૂત દાવેદારોની યાદી જાહેર કરવામાં આવશે તેવી શક્યતા છે.


**વિષય :- દસ્તાવેજ કરતા પુર્વેની જાહેર નોટીસ**

આથી અમો નીચે સહી કરનાર દેવરાજ વી ખાંભલીયા એડવોકેટ એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસ થી જાણ/તાકીદ કરવામા આવે છે.અમારા અસીલ ની સુચના અને ફરમાઈશ જેની આ જાહેર નોટીસ આપી જણાવુ છુ.

અમરેલી ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ તાલુકો:-સાવર કુડલા, મોજે–મોલડી ના ખેડ ખાતા નં.૫૯૦ જેના રે. સર્વે નં.૭૪ પૈકી ૧૫ તથા ૭૫ પૈકી ૧૨,જેનુ બંને કુલ મળીને ક્ષેત્રફળ :–૨–૩૦-૬૭ હે.આરે.ચો. મી. (૧) મનસુખભાઈ ગોબરભાઈ,ના નામે ચાલે છે. જે જુની શરત ની છે.જે ખેતી ની બીન પીયત જમીન સદરહુ જમીનના માલીક, કબજેદાર અને ધારણકર્તાના સયુંક્ત/સ્વતંત્ર નામે ચાલી આવેલ છે મજકુર મિલકતના ટાઈટલ સંપુર્ણ ચોખ્ખા, કલીયર, માર્કેટેબલ હોવાનુ જણાવીને તેમજમજકુર મિલકતમાં તેઓસીવાય અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો હકક,હીત, હીસ્સો ,લાગભાગ ચાલી આવેલ નથી તેવુ જણાવીને મજકુર મિલક્ત અમારા અસીલ ને વેચાણ આપવા માટે નકકી કરેલ છે. જેથી સદરહુ મિલકત મા જો કોઈ નો વાંધો વિરોધ કે હકક, હીત, સંબંધ, લાગ ભાગ, દરદાવો કે ઈઝમેન્ટતથા અન્ય કોઈપણ રીતે હકક હિસ્સો હોય અથવા તો કોઈ બેંક કે સંસ્થા નુ લેણુ હોયઅગર તો તબદીલીઅંગે ના કોઈ પણ લખાણો હોય તો તેઓએ નીચે નાસરનામે દિન–૭ મા પુરાવા સહિત લેખીત જાણ કરવી.જોતેમ કરવામાં કસુર થશે તો આ નોટીસ ની મુદત વિત્યે સદર મિલક્તમા કોઈ વ્યક્તિ કે સંસ્થાના કોઈ પણ પ્રકાર નો હકક હીત, હીસ્સો કે લેણુ નથી અને હોય તો જતો કરેલ છે તેમાની અમારા અસીલ મજકુર મિલ્કત વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને ત્યાર પછી કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા ની કોઈ પણ જાતની તક-રાર વાંધો વિરોધ ચાલશે નહી અને તેવા ઈસમોને કોઈ પણજાતના હકો પ્રાપ્ત થશે નહી, જેનીજનતાને નોંધ લેવી.

સરનામુ:-
દેવ કોર્પોરેટ ઓફીસ
ગ્રામ પંચાય કચેરીની સામે,
લીલીયા મોટા–૩૬૫૫૩૫
મો.૮૪૬૦૪૪૮૧૮૨,
મો.,૯૪૨૬૫ ૫૪૧૭૨

સહી
લી.આપનો વિશ્વાસુ

**-:: જાહેર નોટીસ ::-**
(મિલકત વેચાણ બાબત)

આથી સર્વે જનતાને તથા સંબંધિત વ્યક્તિઓને જાહેર કરવામાં આવે છે કે ગામ અમરેલી, તા. જી. અમરેલી ની હદમાં આવેલ નીચે વર્ણવેલ મિલકતના માલિક દ્વારા આ મિલકત વેચાણ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

મિલકતનુંવર્ણન :

ગામ અમરેલી, તા. જી. અમરેલીની રેવન્યુ સર્વે નં. ૫૩૦/૧ તથા ૫૩૦/૨ ની જમીન ઉપર આવેલ દુકાન, જે ગજેરાપરા વિસ્તારમાં એલ.ડી. ધાણાણી કોલેજ સામે આવેલી છે. ઉક્ત મિલકત સીટી સર્વે નં. ૧૫૮૦ પૈકીના પ્લોટ નં. ૧૮ પૈકી વિસ્તાર ચો.મી. ૧૫.૭૭ જેટલી છે. તથા તે અંગેના તમામ હકકિયત, હિત અને હકદારીઓ સાથે વેચાણ કરવાની કાર્યવાહી ચાલી રહી છે. ઉપરોક્ત મિલકત અંગે કોઈ વ્યક્તિ, સંસ્થા, બેંક, સહકારી મંડળી અથવા અન્ય કોઈને કોઈપણ પ્રકારનો હક, હિત, દાવો, ગીરવે હક, બોજો, લેણદેણ, કોર્ટ કેસ, અટકાયત હુકમ, ચાર્જ, ઈઝમેન્ટ હક અથવા અન્ય કોઈ વાંધો હોય તો આ જાહેર નોટીસ પ્રસિદ્ધ થયાની તારીખથી ૧૫ (પંદર) દિવસની અંદર તેના પુરાવા સાથે લેખિતમાં નીચે દર્શાવેલ સરનામે જાણ કરવી.

નક્કી કરેલ સમયમર્યાદામાં કોઈ વાંધો પ્રાપ્ત નહીં થાય તો ઉપરોક્ત મિલકત અંગે કોઈનો હક કે દાવો નથી એમ માની આગળની વેચાણ દસ્તાવેજ કરવાની કાર્યવાહી કરવામાં આવશે અને ત્યારબાદ કોઈપણ પ્રકારનો દાવો માન્ય ગણવામાં આવશે નહીં.

આ નોટીસ એડવોકેટ શ્રી રામભાઈ બી. કમાણી, અમરેલી ના અસીલના આદેશથી આપવામાં આવે છે.

તારીખ : ૭/૩/૨૦૨૬
સ્થળ : અમરેલી.

એડવોકેટ
રામભાઈ બી. કમાણી
અમરેલી

**-//એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટસાહેબ ગીરગઢડાની કોર્ટમાં //-**
નં.જન્મ-મરણ કેસ.નં. 31/2026

**પ્રતિ**
કલુબેન જાદવભાઈ ગેડિયા,
રહે. સનવાવ, ગામ-સનવાવ, તાલુકો- ગીરગઢડા
જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી, આર.એન.ગરનારા ગીરગઢડા ........અરજદાર

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ -મરણ ) અને તલાટી-કમ- મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, સનવાવ, તા.ગીરગઢડા,
જિ.ગીરસોમનાથ ....સામાવાળા

**-:જાહેર નોટીસ:-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીરગઢડા તાલુકાના **સનવાવ** ગામના રહીશ જાદવભાઈ કાનાભાઈ ગેડિયા તથા કલુબેન જાદવભાઈ ગેડિયાના પુત્રી કાળીબેન જાદવભાઈ ગેડિયાનો જન્મ તારીખ **10/07/1986** ના રોજ ગીરગઢડા તાલુકાના **સનવાવ** ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી, સનવાવ, તાલુકો-ગીરગઢડા સને.**1986** ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૭/૦૩/૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૬/૦૨/૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યા.


**સહી,**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ,**
**ગીરગઢડા**


# ગાંધીનગરના નભોઈ કેનાલમાં બે યુવતીઓએ આપઘાત કર્યો

ગાંધીનગર,તા.૦૭

ગાંધીનગરના નભોઈ કેનાલમાં મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ફરજ બજાવતી બે સખીઓ, સેજલ પટેલ અને રિપલ રાવતે કૂદીને આત્મહત્યા કરતા ચકચાર મચી છે. ફાયર બ્રિગેડની ટીમે ઝુંડાલ કેનાલ પાસેથી બંનેના મૃતદેહ બહાર કાઢ્યા હતા. બંને યુવતીઓ તાજેતરમાં જ ભરતી થઈ હતી, જેમાં એક બિઝનેસ ટેક્સ અને બીજી એકાઉન્ટ વિભાગમાં કાર્યરત હતી. આત્મહત્યા પાછળનું કારણ હજુ અકબંધ છે અને પોલીસ આ મામલે તપાસ કરી રહી છે કે આ પગલું નોકરીના દબાણને કારણે હતું કે કોઈ અંગત કારણોસર.

# અમદાવાદમાં ટી-૨૦ વર્લ્ડકપને લઈ હોટલ અને ફ્લાઈટના ભાડામાં તોતિંગ વધારો



અમદાવાદ,તા.૦૭

ભારતીય ટીમ ટી-૨૦ વર્લ્ડકપની ફાઈનલમાં પ્રવેશતા જ સમગ્ર અમદાવાદ શહેરમાં ભારે ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. ટીમ ઈન્ડિયા અને ન્યૂઝીલેન્ડની ટીમોના આગમન સાથે જ મેચ નિહાળવા માટે દેશભરમાંથી ક્રિકેટ પ્રેમીઓ અમદાવાદ તરફ વળી રહ્યા છે. એક અંદાજ મુજબ આ ભવ્ય મેચ જોવા માટે આશરે ૪૦ હજાર જેટલા પ્રેક્ષકો અન્ય શહેરોમાંથી આવશે, જેને પગલે શહેરમાં રહેવા અને મુસાફરી કરવાના ખર્ચમાં અસાધારણ ઉછાળો આવ્યો છે.સામાન્ય દિવસોની સરખામણીએ હોટલના રૂમ અને ફ્લાઈટની ટિકિટના દરો ત્રણથી ચાર ગણા વધી ગયા છે. મેચનો ક્રેઝ એટલો છે કે ક્રિકેટ રસિકો એક રાતના રૂમ ભાડા પેટે ૮૦ હજાર રૂપિયા સુધીની રકમ ચૂકવવા પણ તૈયાર છે. તેવી જ રીતે દિલ્હી, મુંબઈ અને બેંગાલુરુ જેવા મહાનગરોથી અમદાવાદ આવતી ફ્લાઈટના ભાડા ૧૫ હજારથી વધીને ૩૦ હજાર રૂપિયા સુધી પહોંચી ગયા છે. પ્રવાસન ક્ષેત્રના નિષ્ણાતોના મતે મેચના દિવસ સુધીમાં આ ભાવમાં હજુ પણ વધારો થવાની પૂરેપૂરી શક્યતા છે.

# કોડીનારના ઘાટવડ ગામ નજીક ૧૧ કે.વી. વીજવાયર બાઈક પર પડતા બે યુવાનોના મોત





કોડીનાર,તા.૦૭

કોડીનાર તાલુકાના ઘાટવડ ગામ નજીક આજે સવારે એક અત્યંત કરુણ અને હૃદયને હચમચાવી નાખનારી દુર્ઘટના બની છે. ઘાટવડના દાનસિંગભાઈ ઝાલા, તેમનો પુત્ર લાલાભાઈ અને અન્ય એક યુવાન રવિભાઈ ચુડાસમા જ્યારે બાઈક લઈને વહેલી સવારે વાડીએ જઈ રહ્યા હતા, ત્યારે જામવાળા રોડ પર અચાનક ૧૧ KVનો જીવંત વીજ વાયર તેમના પર તૂટી પડ્યો હતો. આ ભયાનક અકસ્માતમાં પિતાની નજર સામે જ જુવાનજોધ પુત્ર અને તેના મિત્રને જોરદાર વીજ કરંટ લાગ્યો હતો. સ્થાનિક લોકોએ તાત્કાલિક દોડી આવી ત્રણેયને કોડીનારની હોસ્પિટલ ખસેડ્યા હતા, પરંતુ કમનસીબે ફરજ પરના તબીબે બંને યુવાનોને મૃત જાહેર કર્યા હતા. આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં ભારે ગમગીની છવાઈ ગઈ છે. ગ્રામજનોમાં **PGVCL** પ્રત્યે ભારે રોષ જોવા મળી રહ્યો છે, કારણ કે વારંવારની રજૂઆતો છતાં જર્જરિત વીજ લાઈનોનું સમારકામ ન કરવામાં આવતા આજે બે નિર્દોષ જિંદગીઓ હોમાઈ ગઈ છે. તંત્રની આ ઘોર બેદરકારીએ હસતા-રમતા પરિવારોમાં માતમ પ્રસરાવી દીધો છે.

## આગની જ્વાળાઓ શ્રમિકોને ભરખી ગઈ

# અમદાવાદના માધુપુરામાં આવેલી નમકીન ફેક્ટરીમાં આગ : ૪ શ્રમિકોના મોત

**ગંભીર રીતે દાઝેલા શ્રમિકોએ સિવિલ હોસ્પિટલમાં દમ તોડ્યો**



અમદાવાદ,તા.૦૭

અમદાવાદના માધુપુરા વિસ્તારમાં આવેલી એક નમકીન ફેક્ટરીમાં સર્જાયેલી આગની દુર્ઘટનામાં ગંભીર રીતે દાઝી ગયેલા ચાર શ્રમિકોના સારવાર દરમિયાન મોત નિપજ્યા છે. હનુમાનપુરા બીઆરટીએસ બસ સ્ટેન્ડ પાસે સ્થિત મહેશ્વરી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટના 'આવકાર ફૂડ્સ'માં ૩ માર્ચની મોડી રાત્રે આ ભયાનક ઘટના બની હતી.

આગ લાગી ત્યારે મધ્યપ્રદેશ અને રાજસ્થાનના ચાર કારીગરો ફેક્ટરીના ઉપરના માળે સૂતા હતા. ધુમાડાના કારણે જાગી ગયેલા આ શ્રમિકો જીવ બચાવવા પડોશની ફેક્ટરીના ધાબા પરથી ઝાડના સહારે સુરક્ષિત રીતે નીચે ઉતરી ગયા હતા.સુરક્ષિત બહાર નીકળી ગયા હોવા છતાં આ શ્રમિકોએ માનવતા અને સાહસ બતાવવા જતાં જીવ ગુમાવ્યો હતો. નીચે ઉતર્યા બાદ આગ બુઝાવવા માટે તેઓએ દુકાનનું શટર ખોલવાનો પ્રયત્ન કર્યો હતો. જેવું શટર થોડું ખુલ્યું કે અંદર ભભૂકી રહેલી આગની જ્વાળાઓ પ્રચંડ વેગ સાથે બહાર ધસી આવી હતી.

આ જ્વાળાઓની ઝપેટમાં આવતા ચારેય શ્રમિકો ગંભીર રીતે દાઝી ગયા હતા. સ્થાનિકોએ તેમને તત્કાલ સિવિલ હોસ્પિટલ ખસેડ્યા હતા પરંતુ સારવાર દરમિયાન ૧૮ વર્ષના અરવિંદ અને કુલદીપસિંહ સહિત સુભાષ અને કૈલાશનું કરુણ અવસાન થયું હતું.


સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

સશક્ત અને સ્વસ્થ મહિલા, સમૃદ્ધ સમાજ



મહિલા અને બાળ વિકાસ વિભાગ માટે
કુલ ₹૭૬૯૦ કરોડની જોગવાઈ

ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના અંતર્ગત ₹૨૮૪૮ કરોડની જોગવાઇ

આંગણવાડી કાર્યકર/તેડાગર, મીની આંગણવાડી કાર્યકર બહેનોના માનદ્ વેતન માટે ₹૧૧૨૮ કરોડની જોગવાઇ

પૂરક પોષણ યોજના અંતર્ગત ૩ થી ૬ વર્ષનાં બાળકોને આંગણવાડીમાં ગરમ નાસ્તો અને ભોજન તેમજ બાળકો, કિશોરીઓ અને સગર્ભા ધાત્રી માતાઓને ટેક હોમ રાશન પૂરું પાડવા ₹૯૭૨ કરોડની જોગવાઇ

દૂધ સંજીવની યોજના હેઠળ ફોર્ટિફાઇડ દૂધ આપવા ₹૨૦૫ કરોડની જોગવાઇ

વહાલી દીકરી યોજના અંતર્ગત ₹૨૪૫ કરોડની જોગવાઇ

બે હજાર આંગણવાડી કેન્દ્રોના બાંધકામ માટે ₹૩૬૦ કરોડની જોગવાઇ




દીકરીના જન્મથી લઈને માતાના પોષણ, સન્માન અને સુરક્ષા સુધી, રાજ્ય સરકાર હંમેશાં હરકદમ માતૃશક્તિની પડખે છે. મહિલા અને બાળ વિકાસ માટે ફાળવાયેલ ₹૭૬૯૦ કરોડનું આ બજેટ 'સશક્ત અને સ્વસ્થ મહિલા, સમૃદ્ધ સમાજ'ના આપણા સંકલ્પને ચરિતાર્થ કરશે.

- શ્રી હર્ષ સંઘવી, માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત



સોનાનાં કલાત્મક આભૂષણ
રીયલ ડાયમંડ જ્વેલરી
રોઝ ગોલ્ડ તથા
વ્હાઈટ ગોલ્ડ જ્વેલરી
૯૨.૫ સ્ટર્લિંગ સિલ્વર જ્વેલરી
વી.કે. જ્વેલર્સ
દાણા બજાર, ટાવર પાસે, અમરેલી.
ફોનઃ ૦૨૭૯૨- ૨૨૬૧૬૨, મો.૮૦૦૦ ૭૦૦ ૮૦૦
ચોકસી નાગરીક બેંક અમરેલી.





અમરેલી જીલ્લામાં સૌ પ્રથમવાર...
મેગાસીટીમાં થતા ફુવારા પદ્ધતિ
(TOPICAL TACHENIQUE) દ્વારા
અમેરીકન કોલ્ડ ફેકો-લેસર ટેકનોલોજી
થી મોતીયાના ટાંકા વગર ઓપરેશન...
ઉચ્ચ કક્ષાના નેત્રમણીની સુવિધા હવે અમરેલીમાં...
DIABETIC તથા HARD (પથ્થરીયા)
મોતીયા માટે ખાસ આર્શિવાદરૂપ
દ્રષ્ટિ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ
STAR · TATA AIG INSURANCE WITH YOU ALWAYS · Medi Assist · SBI general · care · RELIANCE Health Insurance · BAJAJ Allianz
ડો.અભિષેક ઠાકર
ચિત્તલ રોડ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૧૬૨૭,૨૩૩૫૬૫



નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
અમરેલી - ૩૬૫ ૬૦૧
ફોન નં: (૦૨૭૯૨) ૨૨૩૫૫૭ / ૨૩૦૫૫૭
સોનાના ૨૨ કેરેટ હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે
6356560000
મીસકોલ કરો અને SMS થી ભાવ જાણો.